Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું ] [ અંક ૬ ઠ્ઠો.

ચૈત્ર

ઈ. સ. ૧૯૪૮ ૫ મી એપ્રીલ

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦

| પુસ્તક ૬૪ મું<br>અંક ૬ ઠ્ઠો. | ચૈત્ર | વીર સં. ૨૪૭૪<br>વિ. સં. ૨૦૦૪ |
|---|---|---|


## अनुक्रमणिका


૧. મંગલ દર્શન ... ... ... (શાહ ખુશાલચંદ જસકુભાઈ) ૧૧૯

૨. શ્રી વીરના જન્મનું વધામણું ... (શાહ મગનલાલ મોતીચંદ) ૧૨૦

૩. શ્રી મહાવીરસ્વામીનો છંદ ... ... (શ્રી આગચંદ હીરાચંદ) ૧૨૨

૪. શ્રી મહાવીરનું ઉદાત્ત જીવન ... ... ( ,, ) ૧૨૩

૫. શ્રી મહાવીર જયંતિ અને ગુણની પૂજનીકતા (શાહ મગનલાલ મોતીચંદ) ૧૨૬

૬. ભૂતત્વમીમાંસા : ૩ ... ... (શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૧૩૩

૭. સુવર્ણ યુગની સ્મૃતિ ... ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૩૭

૮. પ્રથમ પરિવ્રાજક ... ... (મુનિરાજશ્રી ધુરંધરવિજયજી) ૧૪૦

૯. પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા ...(ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) ૧૪૩


### "શ્રી જૈન ધર્મ પ્રકાશ" સંબંધી.

પોસ્ટખાતાની રજીસ્ટર્ડની મંજુરીના અભાવે ફાગણનો તા. ૫ મી માર્ચનો શ્રી **"જૈન ધર્મ પ્રકાશ"** નો અંક અમે પોસ્ટદ્વારા રવાના કરી શક્યા ન હતા. આ માટે અમે સભાસદો તેમજ ગ્રાહક બંધુઓની ક્ષમા ચાહીએ છીએ. હવે પોસ્ટખાતાની મંજૂરી મળી ગઈ હોવાથી ફાગણ તેમજ ચૈત્રના અંકો જુદા જુદા રવાના કરેલ છે, જે આપને મળી જશે. હવેથી અંગ્રેજી મહિનાની પાંચમી તારીખે અંકો નિયમિત પ્રસિદ્ધ થતા રહેશે.

### માસિકના વી. પી.

ઉપર જણાવેલ અવ્યવસ્થાને અંગે અમો પૂર્વે જણાવ્યા મુજબ માસિકનું વી. પી. કરી શક્યા નથી. હજી પણ જે ગ્રાહક બંધુએ પોતાનું લવાજમ ન મોકલેલ હોય તે વેલાસર મોકલી આપે, નહીંતર વૈશાખ માસનો તા. ૫ મી મેનો અંક રૂ. ૩-૧૧-૦ ના વી. પી. થી રવાના કરવામાં આવશે જે વી. પી. આવેથી સ્વીકારી લેવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૪ મું. અંક ૬ ઠ્ઠો | : ચૈત્ર : | વીર સં. ૨૪[illegible] વિ. સં. ૨૦[illegible]

## મંગલ....દર્શન.

( ગઝલ તાલ ચલત. )

દર્શ ત્હારાં દર્દ દિલના, પાપ હરનારાં પ્રભુ!
શરણાગતને શરણ ત્હારું, દ્વીપ સરખું છે પ્રભુ! દર્શ૦ ૧
સર્વ મંગલમાંહે મંગલ, નામ તારક આપનું;
મૃગ-જલમાં ભૂલેલાઓને, માર્ગદર્શક છો પ્રભુ! દર્શ૦ ૨
આણા ત્હારી વિજય ઝંડો, જે શિરે માનવ ધરે;
વિજયની વરમાળ વરશે, પરમ જ્યોતિ છો પ્રભુ! દર્શ૦ ૩
કંગાલ છું હું કર્મ-કેદી, ભેદી ભરમે હું ભૂલ્યો;
ચૂરા કરો દિવાલના, શરણે તમારે હ્યો પ્રભુ! દર્શ૦ ૪
ગુલાબની કુમળી કળી, એ પુષ્પ ત્હારા ચર્ણમાં;
શરણાગત છું સ્થાન આપો, લાજ શિર તારે પ્રભુ! દર્શ૦ ૫

શાહ ગુલાબચંદ જલ્લુભાઇ-રારોદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીરના જન્મનું વધામણું.

## ગરબો.

વીરના જન્મનું વધામણું, ભાવભીના ઉરને;
સુખ સમાધિ આપતું સોહામણું, ભાવભીના ઉરને—એ ટેક૦

દેવલોકમાંથી મૃત્યુ લોકમાં પધારતાં, કર્મવિપાકની પૂર્ણતાને પામતા;
માત તાતના હર્ષને વધારતું, ભાવભીના ઉરને. વીરના૦ ૧

ગર્ભ સંક્રમણમાં નિકાચિત યોગનું, દેવાનંદા માતનું રત્નનું ઊડી જવું;
ત્રિશલા માતના પુણ્યનું વધામણું, ભાવભીના ઉરને. વીરના૦ ૨

દિવ્ય અનુપમ સ્વપ્નો નિહાળતાં, માતા ત્રિશલાજી હર્ષમાં આવતાં;
સ્વપ્નપાઠકોના જ્ઞાનનું વિચારણું, ભાવભીના ઉરને. વીરના૦ ૩

ગર્ભમાં કરી માના પ્રેમની પરીક્ષા, તેની હૈયાતીમાં ન લેવાની દીક્ષા;
અવધિજ્ઞાને કર્યું માતનું મનામણું, ભાવભીના ઉરને. વીરના૦ ૪

ચૈત્ર ત્રયોદશી સુખનું નિધાન છે, તીર્થંકર જન્મ જગકારણ સમાન છે;
નવપલ્લવ વસંતનું વધામણું, ભાવભીના ઉરને. વીરના૦ ૫

ચોસઠ ઇન્દ્રો ભાવથી નમે છે, મેરુગિરિ અભિષેકને વરે છે;
છપ્પન કુમારિકાનું ગાવણું, ભાવભીના ઉરને. વીરના૦ ૬

હૃદયનાં કંઈ કંઇ દુઃખને હરે છે, ચૈતન્યમાં અતિ ચેતના ઝરે છે;
મનહર આ જન્મનું વધામણું, ભાવભીના ઉરને. વીરના૦ ૭

ચોદ હજાર સંત તારવાના કારણે, જન્મ્યા પ્રભુ નૃપ સિદ્ધાર્થ બારણે;
ચોથા આરાનું તીર્થ નાવડું, ભાવભીના ઉરને. વીરના૦ ૮

ચોસઠ કળા ને બત્રીસ લક્ષણો, રાજનીતિજ્ઞ બની કાપ્યાં છે દુઃપણો;
કહેતા વીરતા બતાવતું, ભાવભીના ઉરને. વીરના૦ ૯

વિવેક બતાવ્યો બંધુભાવ ભાવવા, કાળના ઉદયના બે વર્ષ ખપાવવા;
બંધુના મનને મનાવતું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીત્યા યુવામાં મનના વિકારને, પામ્યા પ્રભુ ચારિત્ર પર્યાયને;
મનઃપર્યવ જ્ઞાનનું મનામણું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૧

વર્ષ સાડાબાર ઉગ્ર તપ તપીને, જ્ઞાને કેવલ્ય દર્શન વરીને;
ચાર કર્મનું કર્યું છે રિસામણું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૨

હિંસાનું સામ્રાજ્ય વ્યાપ્યું જગતમાં, અંધકાર અજ્ઞાન જામ્યાં મનુજમાં;
મૂક પશુઓના દુઃખનું તારણું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૩

ધર્મ ને તત્ત્વજ્ઞાન એક સાથ જોડતું, જાતિભેદના નિયંત્રણ તોડતું;
સામ્ય ભાવના ભેદને ભણાવતું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૪

જીવવું સૌને વહાલું ગણાય છે, ત્યારે અતિના જીવમાં જણાય છે;
"મા હણો" "મા હણો" પોકારતું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૫

પ્રભુના શ્રુતની અનેરી મીઠાશ છે, બાર યોજનના જગની એ આશ છે;
સુણતાં સુખ થાય છે ઘણું ઘણું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૬

જિનના અતિશયો અતિશે શોભતા, વેરી જીવો વેરભાવને ભૂલતા;
વાત્સલ્ય ભાવ પ્રગટાવતું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૭

પ્રભુના ગુણની થાય નહિ તુલના, વદે સરસ્વતી જીભથી જો કહા;
અવની ઉપર મોક્ષ સદન આ ગાણું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૮

દાન શિયળ તપ ભાવનાને ભાવવા, જન્મ્યા પ્રભુ આ જગને બતાવવા;
અહિંસાના નાદને ગજાવતું, ભાવભીના ઉરને. વીરના૦ ૧૯

જિનના ગુણોને હૃદયમાં ધારવા, જન્મ કલ્યાણિક ભાવને વધારવા;
આજે મળ્યું રૂડું ટાણું, ભાવભીના ઉરને. વીરના૦ ૨૦

**મગનલાલ મોતીચંદ શાહ–વઢવાણ કેમ્પ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીરસ્વામીનો છંદ.

ભુજંગપ્રયાતવૃત્ત.

નમો વીરના પાદપદ્મો સુભાવે, મહાવીરનું નામ ધ્યાવો સ્વભાવે;
રમો નિત્ય વાણી વિષે વીર વીર, વદો મંત્ર ઉચ્ચારથી વીર વીર. ૧
રહો કાનમાં નિત્ય શ્રી વીર નામ, મનોભાવમાં હો મહાવીર ધામ;
રહો શ્વાસ નિઃશ્વાસમાં વીર મંત્ર, થજો માહરું વીરથી કાર્યતંત્ર. ૨
નસોમાં વસો માહરા વીર નામ, રહો નિત્ય સંગાથ કૈવલ્ય ધામ;
રમો રક્તબિંદુ વિષે વીર વીર, થજો દેહ આ વીરનું ધામ ધીર. ૩
ભણે ચાલતા હાલતા વીર નામ, સહુ કાર્યમાં હોય તે શાંતિધામ;
સહુ દુઃખમાં હો સુખે વીર નામ, સદા હોય આનંદમાં વીર નામ. ૪
વસો નિત્ય ખાતાપીતા વીર વીર, સદા ચિત્તમાં રમ્ય હો નામ વીર;
સહુ વસ્તુમાં ભાવના વીર વીર, ગમો ના કદી જ્યાં નથી નામ વીર. ૫
વસો માહરી અસ્થિમાં વીર નામ, નહીં કોઇ મજ્જા વિના વીર નામ;
સૂતા ઉઠતા વીરનું નામ ગાવું, સદા તેહ માંગલ્યને ચિત્ત ધ્યાવું. ૬
નિશામાં પ્રભાતે તથા સંધિકાલે, મહાવીર હોજો સુખે સર્વ ચાલે;
નિવાસે પ્રવાસે ધરામાં રહીને, ઉચ્ચારું મહાવીરના શુદ્ધ નામો. ૭
સદા સૌખ્યનું ધામ હો વીર નામ, ન હો ચિત્તમાં માહરા અન્ય કામ;
અલંકાર મારા થજો વીર નામ, થજો વસ્ત્ર સર્વે મહાવીર નામ. ૮
પ્રભુ માહરો છે મહાવીર એક, વસું તેહના શાસને એહ ટેક;
રમો માહરી દૃષ્ટિમાં એક વીર, રહો માહરા કાનમાં વીર વીર. ૯
રહો નાસિકામાં મહાવીર ગંધ, વદો માહરી જીભ તેનો અમંદ;
મને લાગજો વીરનો નામ છંદ, ગમો નિત્ય તે નામ આનંદકંદ. ૧૦
નમો ઇંદ્રભૂતિતણો વીર દેવ, રમો તેહના ચિત્તમાં નિત્યમેવ;
નમો ભાવથી વીરને ભક્તિ ધારી, ભમો તો ન સંસારમાં મુક્તિ ધારી. ૧૧
મને તેહનો અંશ જો સાધ્ય થાય, સહુ કાર્ય મારું થઇ દુઃખ જાય;
પ્રભુ વીરની ભક્તિના ગાન ગાય, અહો માહરું ચિત્ત તે વીર થાય. ૧૨
સહુ કોઇ ગાવો મહાવીર વીર, ભજો એક એ દેવ સાક્ષાત્ વીર;
સદા વીરનું નામ જે ચિત્ત ધારે, કહે થાય બાલેન્દુ તે મુક્ત ત્યારે. ૧૩

શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીરનું ઉદાત્ત જીવન

લેખક :—શ્રીબાલચંદ હીરાચંદ–માલેગામ.

લગભગ અઢી હજાર વર્ષો પહેલાં ભારતના એક નિસર્ગસમૃદ્ધ મગધ દેશમાં એક જ્યોતિ પ્રગટ થઈ. ક્ષત્રિયકુલાવતંસ સિદ્ધાર્થને ત્યાં આનંદનો કલ્લોલ ઉછળ્યો. પુત્રજન્મ જેવા આનંદથી સંસારી માનવને બીજું શું વધારે પ્રિય હોય? એ પ્રગટેલી જ્યોત એકલા સિદ્ધાર્થના કુલને અજવાળનારી ન હતી પણ આખા જગને શાંતિ–સંદેશ આપી જગતના હૃદયાકાશમાં પ્રકાશ પાથરનારી હતી. પ્રચલિત વિપરીત જીવનમૂલ્ય, અસમતા, અસંગત વ્યવહાર, વર્ગકલહ અને અનુચિત અહંકારને મૂળમાંથી ધક્કો આપી નિત્ય ઘર ઘાલી બેઠેલી રૂઢીઓ, વિસંગત કલ્પનાઓ અને ધર્મને નામે અધર્મનું પોષણ થતા સમાજનો પાયો જ ધ્રુજાવી મૂકનારી એ અનુપમ શક્તિ હતી. એ મહાન શક્તિનું જેમને દર્શન થયું તેઓએ તેને ઓળખી તેને વધાવી લીધી. તેનો પ્રચાર કરી તેને અનુસરનારાઓની સંખ્યા વધારી અને સમાજમાં સત્યનું દર્શન કરાવી મિથ્યા અહંકારને મોટો ધક્કો આપ્યો. પણ જેમના ઐહિક સ્વાર્થો ઘવાયા, જેમના મોજશોખમાં અંતરાય પડ્યા, જેમના અહંભાવને પોષણ મળતું અટક્યું તેઓ બધા છંછેડાઈ પડ્યા! તેમને મન તેમનો મહાન્ શત્રુ ઉત્પન્ન થયો! તેમનું સ્વમાન તેમને ઘવાતું લાગ્યું! જેઓ તેમને પગે આળોટતા હતા તેઓ સામા પ્રશ્નો કરી પડકાર કરવા માંડ્યા. એ દેખાવ તેમના માટે અસહ્ય થઈ પડ્યો. તેનો બધો દોષ પ્રભુ મહાવીરને માથે જ તેઓ મૂકવા માંડ્યા અને એમ કરી તેમણે પ્રભુ સામે છળ-કપટ કરી ધૂળ ફેંકવા માંડી પણ જે શક્તિ આમૂલાગ્ર પરિવર્તન કરવા માટે જ પ્રગટ થએલી હતી તે આવા ખોટા વ્યામોહયુક્ત કે પ્રલાપથી મંદ પડવાની હતી જ નહીં. તે સત્યના પ્રસ્તર પાયા ઉપર ખડી થએલી શક્તિ પોતાનું ધ્યેય પૂર્ણ કરી જ નાખવાની હતી.

ભગવાન મહાવીરે પોતાની આંખ સામે શું જોયું? દ્રવ્યનો અનુચિત અને પોતાના માનવબંધુ ભગિનીઓના ભોગે સંગ્રહ. અમુક વર્ગના ઘરો ધનથી ઉભરાતા ત્યારે અમુક વર્ગ દીન બની દ્રવ્યવાનોની કાયમ ગુલામી કરતો. સંગ્રહકારને રોકનાર કોઈ ન હતું અને ગુલામ બનેલાઓને માનવાચી રીતે કોઈ બોલાવતું પણ નહીં. દ્રવ્યની અનુચિત વહેંચણીથી અસમતા વધવામાં કોઈ પણ આશ્ચર્ય ન હતું. અને પરિણામે વર્ગકલહ અને અસંતુષ્ટોની સંખ્યામાં વધારો જ થતો રહ્યો. તેને રોકનાર કોઈ હતું જ નહીં. ભગવાન્ મહાવીરે પ્રાણાતિપાતનો મહાન્ સંદેશ પ્રગટ કરી અત્યંત દીન અને સૂક્ષ્મ ગણાતા નિરપરાધી પ્રાણીઓને પણ આશ્વાસન આપ્યું હતું. અને આ મહાન્ તત્ત્વનો પ્રચાર થતા બકરા, ઘેટા, ગાયો, ઘોડાઓ અને મનુષ્યોના પણ થતા યજ્ઞો સામે એક મહાન્ જાજ્વલ્યમાન લાલ બત્તી પ્રજ્વલિત કરવામાં આવી હતી. ગમે તેટલા ધમપછાડા કરવા છતાં પણ તેની સામે યુક્તિસંગત એવો એક શબ્દ પણ ઉચ્ચારવાની કોઈ હીંમત કરી શક્યું નહીં. એટલું જ નહીં પણ મોટા મોટા યાજ્ઞિકોને આ તત્ત્વ આગળ નમતું જ મૂકવું પડ્યું. સામાન્ય જન-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તામાં તો શું પણ રાજદરબારમાં પણ એ મહાન્ તત્વનો પ્રવેશ થયો અને હિંસામય યજ્ઞોને તિલાંજલિ આપવામાં આવી. જેઓ આવા યજ્ઞો ઉપર જ પોતાની જિહ્વાલોલુપતા અને પોતાની અહંભાવ પૂર્તિ કરતા તેમને માત્ર આ તત્વજ્ઞાન ભારે પડયું એમાં શંકા નથી.

ભગવાન્ મહાવીરે બીજું તત્વજ્ઞાન 'પરિગ્રહપરિમાણ'નું પ્રરૂપ્યું હતું. તેથી અયોગ્ય રીતે સંગ્રહીત થએલું દ્રવ્ય છૂટું થએલું હતું. સ્થાપત્યના અનેક કાર્યો શરૂ થવાથી, પાઠશાળાઓનો પ્રચાર થવાથી, ધર્મશાળાઓ અને દાનશાળાઓમાં દ્રવ્યનો મોટો વહેતો કરી દીધેલો હોવાથી દ્રવ્યનો અનુચિત સંગ્રહ છૂટો થઇ બહુ જન સમાજને તેનો લાભ મળવા માંડ્યો. મોટો સમાજ તેથી રાજી થયો અને સમતાનું તત્વ ધીમે ધીમે લોકોમાં પ્રસરી જનતાને કાંઇક શાંતિ મળવા માંડી. એ સમતા તત્વના પ્રચારને લીધે તિરસ્કરણીય અને અસ્પૃશ્ય ગણાતા વર્ગમાંથી પણ કેટલાએક ઉચ્ચ કોટીના આત્માઓ બન્યા. તેમને પણ પોતાની ઉચ્ચતાનો અને લાયકીનો અનુભવ થવા માંડ્યો. તેથી તેમને મહાન્ આશ્વાસન મળ્યું. પોતાનો વાલી જગતમાં કોઈ છે અને ધારીશું તો આપણે પણ મહાન્ થઇ શકશું એવો આત્મવિશ્વાસ તેમનામાં બન્યો. એ કાર્ય સમતાના મહાન્ તત્વજ્ઞાને કરી આપ્યું. સ્ત્રીઓને ઘણા કાર્યોમાં અનધિકારી ગણી તેમને ઘણી બાબતોમાંથી બાકાત રાખવામાં આવતી, તેમના માટે પણ ભગવાન્‌ના સમતા તત્વે મોટું આશ્વાસન નિર્માણ કર્યું. સ્ત્રીઓ ધારે તો મહાતપસ્વિની, મહાસતી, મહાસાધ્વી થઇ શકે છે એ તત્વજ્ઞાનનો પ્રચાર થતાં સમાજમાં આમૂલાગ્ર મોટી ક્રાંતિ જન્મી હતી. એ રીતે ભગવાનનું કાર્ય અત્યંત ઉચ્ચ કોટીનું હતું.

ધર્મનું તત્વજ્ઞાન કે માનવવિકાસની ગમે તે વિદ્યા અમુક બુદ્ધિજીવી વર્ગના હાથમાં જ સંકુચિત થઇ રહી હતી. ધર્મનું તત્વજ્ઞાન સંસ્કૃત જેવી મહાન ભાષામાં જ હોઇ શકે, અમુક વર્ગને જ તે ભાષાનો અભ્યાસ કરવાનો અધિકાર હોઈ શકે, બીજાઓ તો જેટલું તેઓ કહે તેટલું સાંભળે. તેમાં તેમના અધિકારની મર્યાદા આવી જાય છે, એવી રૂઢી પ્રચલિત હતી. લોકભાષામાં ધર્મતત્વો હોઇ શકે જ નહી એવો પ્રતિબંધ મૂકવામાં આવેલો હતો. ભગવાને પ્રચલિત રૂઢીને ધક્કો આપી તેઓ જે મગધ દેશમાં જન્મેલા તે દેશના લોકોની સામાન્ય ભાષામાં હજારોની સભામાં પ્રવર્તન કર્યું, તેથી તત્વજ્ઞાનનો બોધ જગતમાં વિશેષ વેગથી પ્રસાર પામ્યો. આ ભાષા વિષયક મહાન્ કાર્ય હતું, કારણ કે વિદ્દગ્ભોગ્ય સંસ્કૃત ભાષાનો બોધ તો ગણ્યાગાંઠ્યા પંડિતોને જ હતો અને તેઓ પોતાને અનુકૂલ તેટલું જ લોકોને બતાવતા, એવી પરિસ્થિતિમાં આવો ભાષાવ્યવહાર અત્યંત ઉપયોગી નિવડ્યો હશે એમાં શંકા નથી. મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વરે ગીતાજી ઉપર એક મરાઠી ટીકા લખી ને એથી તે વખતના પંડિતોમાં મોટો ખળભળાટ થયો હતો. તેવો જ પ્રકાર ભગવાન મહાવીરના આ મહાન્ સાહસનો થવા સંભવ છે. ભાષાના સંકુચિત વ્યવહારમાં તત્વજ્ઞાન મર્યાદિત વર્ગમાં જ રહ્યું અને તેનો લાભ અલ્પ સંખ્યાને જ મળતો રહ્યો. બહુ જન સમાજ તો આવા જ્ઞાનથી વંચિત જ રહ્યો હતો. ભગવાનનું તત્વજ્ઞાન તો જનતા જાણી શકે એવી પ્રશ્નોત્તરરૂપમાં જ માગધી જેવી લોકભાષામાં પ્રચલિત થયું. ગૌતમ ગણધર પૂછે અને મહાવીર ખુલાસો આપે એ કેવી સુંદર સંકલના ! આત્મામાં શંકા જાગે અને પરમાત્મા તેને શાંત કરે. કેવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુલભ પદ્ધતિ ! ભગવાનને મન કોઈ પણ આત્મા જ્ઞાનથી વંચિત ન રહે એવી ઉદાર અને સમુચિત ભાવનાથી કેવળ લોકોપકાર કરવા માટે જ આ યોજના હતી, એ વિચાર કરતાં સહેજે સમજી શકાય એમ છે.

ઇંદ્રભૂતિ આદિ ગૌતમ ગોત્રીય મહાન્ પંડિતો કે જેઓ તત્કાલીન બધી ઉપલબ્ધ વિદ્યામાં પારંગત હતા, સર્વોપરી મનાતા હતા, હજારોના માર્ગદર્શક હતા, વેદવિદ્યાના તત્ત્વવેત્તા હતા તેઓ ભગવાન પાસે આવ્યા. તે અહંકારના અભિનિવેશમાં પોતે જીતવાના છે અને સામાને પરાસ્ત કરી પોતાના અનુયાયી કરવાના જ છે એવા આત્મવિશ્વાસથી મદઝરતા હાથીની પેઠે બીજાઓને તુચ્છ સમજતા આવી રહ્યા હતા. એવા પંડિતોને ભગવાને કેવા કોમલ આમંત્રણે સ્વાગત કરી બોલાવ્યા હતા ? ભગવાને અત્યંત પ્રેમાળ-ભાવે જાણે પહેલાના પોતાના જૂના મિત્રોને બોલાવે તેવી રીતે બોલાવી તેમના સંશયો દૂર કરવા માટે પણ અત્યંત સરળભાવે વેદ સમજાવાની અને તેના અર્થદોહન કરવાની સરળ રીત તેમણે બતાવી હતી. એમ કરી પરસ્પરના આત્માનો સંયોગ સાધ્યો હતો. અહિંસા ધર્મની આ અત્યુચ્ચ કોટી નહીં તો બીજું શું ? ક્રોધનો જય શાંતિથી, લોભનો જય ઉદારતાથી, કામનો જય નિગ્રહથી, મદનો જય વિનમ્રભાવથી કરી શકાય અને એ જ ખરો અને શાશ્વત જય છે, એ ભગવાને પોતાના વર્તનથી બતાવી આપ્યું હતું. જેઓ શત્રુનો વેશ ધારણ કરી અનેક અહંતાના શસ્ત્રાસ્ત્ર સજી માર–માર કરતા આવી પડકાર કરી સામા ઊભા રહ્યા હતા, તેમની આગળ અમી રસ સિંચન કરી, તેમના ક્રોધ અને અહંકારને પોતાની અમૃત વાણીથી એક ક્ષણવારમાં શાંતિ અને વિનમ્રભાવમાં ફેરવી નાખ્યા હતા એ પ્રભુની અદ્ભુત કલા બીજાઓને શી રીતે આવડે ? જેઓ ઉપરી થઈ માલીક બનવા આવેલા તેઓ નમ્ર શિષ્યો અને સેવકો બની બેઠા. જેઓ આજ્ઞા કરવા આવેલા તેઓ આજ્ઞા ઉઠાવવા નમ્ર સેવક બની ખડે પગે ઊભા થઈ ગયા હતા. ભગવાનનો પ્રચાર બંધ કરવા જેઓએ કમર કસી હતી તેઓ પોતે જ ભગવાનના ઉપદેશનો પ્રચાર કરવા કટિબદ્ધ થઈ ગયા હતા. એ પ્રભાવ ભગવાનના મહાગુણોનો જ હતો એમાં શંકા નથી. ભગવાનની એ અદ્ભુત રીત જો આપણે સમજીએ, એ પ્રમાણે યથાશક્તિ પ્રયત્નશીલ થઈએ તો આપણું પણ એમાં કલ્યાણ જ છે. આપણે ભગવાનને સમજવાનો ફરી પ્રયત્ન કરવા તૈયાર થવું જોઈએ.

ભગવાન મહાવીરના ચરિત્રમાં ગર્ભહરણ, મેરુકંપ, ચંડકૌશિકદંશ વિગેરે થોડા ચમત્કારો સામાન્ય બુદ્ધિને જણાય છે. અને કેટલાએક બંધુઓ એ ચમત્કાર જેવી લાગતી ઘટના કેવળ ઉપજાવી કાઢેલી છે એમ માનતા લલચાય છે. આવા વિચારનો કરી તેઓ કેટલા દોષો એની સાથે પોતાને માથે વહોરી લે છે તે આપણે જોઈએ. આ ચમત્કાર ગણાતી ઘટના પોતાના જ્ઞાનમાં ઉતરતી નથી માટે ખોટી જ એટલે પોતાને શું બની ન શકે તેનું પૂરતું જ્ઞાન થઈ ગએલું જ એમ તેઓ માને છે. પોતામાં જરાએ અપૂર્ણતા રહી નથી એવું માની તેઓ અતિશય પંડિતાઈનો ડોળ ઘાલે છે તે ખેદનો વિષય છે. જે વસ્તુઓ અત્યારે અશક્યપ્રાય લાગે છે તે ઘટનાઓ સામાન્ય છે અને સુશક્ય છે એવું આધુનિક વિજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જયંતી અને ગુણની પૂજાભક્તિ.

લેખકઃ—મગનલાલ મોતીચંદ શાહ, વઢવાણ કેમ્પ.

नागुणी गुणिनं वेत्ति, गुणी गुणिषु मत्सरी ।
गुणी च गुणरागी च, विरलः सरलो जनः ॥

" ન જાણે નિર્ગુણી જીવો, ગુણીમાં ગુણ શા હશે ?
જાણતા તે ગુણી જનો, જગે વિરલ જાણવા. "

એ ખરૂં જ છે કે,–ગુણીના ગુણની ગણના ગુણી જીવો જ કરી શકે છે. મહાવીર પ્રભુ જેવા લોકોત્તર Revolutionary પુરુષના ગુણની ગણના કરવાની હિંમત સંસારી જીવો કરી શકે નહિ, તેથી જ કહેવાય છે કે,–" पवित्रं तस्य चारित्रं को वा वर्णयितुं क्षमः " આવા અધ્યાત્મ યોગીઓના ગુણનું વર્ણન કરવા કોણ સમર્થ થાય ? કોઇ નહિ, પરંતુ ધર્મ-બુદ્ધિએ–આત્મ બુદ્ધિએ મનુષ્ય ધારે તો પ્રભુના અપાર ગુણોમાંથી પોતાના ક્ષયોપશમ પ્રમાણે ગુણને પ્રાપ્ત કરી શકે, એ હેતુથી ચૈત્ર સુદ ૧૩ના પ્રભુના જન્મકલ્યાણકને દિવસે તેમના

---

સિદ્ધ કરવા બેઠું છે. આવા સમયમાં પોતાની બુદ્ધિનો અહંકાર અસ્થાને નથી લાગતો ? પોતાના દેવ માનેલાનું માહાત્મ્ય વધારવા માટે ભકતો અતિશય સ્તુતિ કરે એ તો માનવ સ્વભાવ સુલભ વાત છે. પણ તેમનું માહાત્મ્ય વધારવા માટે ખોટા વિધાનો લખી મૂકવા તેઓ તૈયાર થાય છે એમ માનવું કેવળ સાહસ છે. ભગવાનનું અદ્ભુત બલ બતાવવામાં ભગવાનનું કયું ગુણગૌરવ વધી જવાનું હતું ? જડ, પુદ્ગલ કે અણુશકિતનું બલ આજના વિજ્ઞાન યુગમાં પ્રત્યક્ષ જ્ઞાત થઇ શક્યું છે ત્યારે આત્માની શકિત તો તેથી અનંતગણી મોટી છે. ત્યારે જે ચમત્કારો ગણાય છે તે ચમત્કાર નથી પણ પ્રસંગાનુસાર એ મહાન શકિતનો આવિષ્કાર છે. એમાં ખોટું માનવા મનાવવાનો કોને અધિકાર છે ? ગર્ભહરણની ઘટનાને સામાન્ય સૃષ્ટિનિયમથી પર ગણી કેવળ આશ્ચર્ય અર્થાત્ અપવાદ ગણવાની જે મહાત્માઓએ કાળજી રાખી છે તેઓની સત્યપ્રીતિ માટે તો બહુમાન ઉત્પન્ન થવું જોઇએ. તેને બદલે એ ઘટના ખોટી જ લખી છે એવું માનનારાઓ માટે ખરે જ દયા જ છૂટે છે. બીજું દેવયોનિ વિષે તેઓ શું માને છે ? દેવયોનિ માનવી જ ન હોય તો વાત જુદી છે પણ તે માનવી જ હોય તો તે યોનિની કૃતિઓ, તેમની શકિતઓ, તેમનું સુખ અને તેમના રિવાજો માટે આપણે કેટલું જાણીએ છીએ ? અને તેટલા માટે જ આમ તો હોઇ શકે જ નહી એમ માનવાનો કોઇને શું અધિકાર છે ? દેવયોનિના અસ્તિત્વ વિષે અને તેના પ્રત્યક્ષ પુરાવાઓ વિષે લખવાનું આ સ્થળ નથી. ભગવાનની અદ્ભુત અને વિશાલ મહત્તા વિષે યત્કિંચિત્ દિગ્દર્શન કરવા માટે આ અલ્પ પ્રયાસ છે. ભગવાનના જન્મ-કલ્યાણકના નિમિત્તથી દરેક માનવે તેમના મહદ્ ઉપકારનું પુણ્યસ્મરણ કરવાનો આ પ્રસંગે પ્રયત્ન કરી તેમણે નિર્માણ કરેલી જ્ઞાનગંગામાં સ્નાન કરી પાવન થવું એવી જિજ્ઞાસા સાથે વિરમું છું.

---



For Private And Personal Use Only

ગુણ સંબંધી થોડું લખવા પ્રયત્ન કર્યો છે. ખરી રીતે ગુણસ્મરણ કે ભક્તિ પરમાનંદ સંપદાઓનું બીજ છે. કહ્યું છે કે,—" भक्तिर्भागवती बीजं परमानंदसंपदाम् "

## ગુણપૂજાનું માહાત્મ્ય.

ગુણપૂજા એ મનુષ્યને ઊર્ધ્વ ગતિ તરફ લઇ જાય છે, સત્ય આનંદ અને સુખ પ્રાપ્ત કરાવનાર ગુણપૂજા જ છે, એ આર્ય સંસ્કૃતિ છે. ગુણવાન વિભૂતિની ભક્તિ કરવી, તેના યશકીર્તન કરવા એ પરાપૂર્વથી ચાલી આવેલી પૂર્વપુરુષોની પ્રણાલિકા છે. આપણો આત્મા નિમિત્તવાદી હોવાથી જે નિમિત્તે ભક્તિ સ્મરણ આદિ થાય છે તે નિમિત્તથી આપણો આત્મા નિર્મળપણાને પામે છે, એમાં ઉપાદાનનું પ્રધાનપણું તો સમજવાનું છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધથી ભાવની વિશુદ્ધતા પ્રગટતાં ગુણનું સ્મરણ કરનારો પોતે જ ગુણી બને છે, જેથી ગુણ એ જ આલંબન ગણાય છે, " आलंबनं च मे आया अवशेषं च वोसिरे " પ્રભુ કહે છે કે મારો આત્મા એટલે તેના ગુણો એ જ મારું આલંબન છે, બીજું ત્યાજ્ય છે. આનો અર્થ એ થાય કે-જીવ, સ્વભાવપરિણતિમાં રહી સત્તામાં રહેલા ગુણોને પ્રગટ કરે તો સાચું સુખ પ્રાપ્ત કરી શકે. આ ગુણો પ્રાપ્ત કરવા માટે લોકોત્તર વિભૂતિના ગુણાનુવાદ ગાવાનો સ્થળે સ્થળે ઉપદેશ છે. ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનમાં નમિરાજર્ષિના અધિકારમાં મયણરેહાનું તથા ભગવતી સૂત્રમાં રૂપિભદ્ર પુત્રનું ચરિત્ર આત્મોપકારી સંતપુરુષોની ગુણભક્તિનું સુંદર ચિત્ર રજૂ કરે છે.

## ગુણવાન પણ ગુણીના ગુણ ગાય છે.

આપણે તો આપણા અવગુણો તજી કાંઇક ગુણપ્રાપ્તિ થાય એ અર્થે સંતપુરુષોના ગુણ ગાવાનો પ્રયત્ન કરીએ છીએ, પરંતુ ગુણપૂજામાં તો ગુણવાન—ગુણના ગાયકો કેટલા સહૃદયી અને વિચારવંત હોય છે તેનું એક બીજું વિધાન આર્ય સંસ્કૃતિના ચિહ્ન તરીકે નજરે તરી આવે છે. આ પ્રસંગ ઉત્તરરામચરિત્રનો છે. રઘુવંશના કુળગુરુ વસિષ્ઠ મહર્ષિના ધર્મપત્ની મહામાતા અરુન્ધતી હતી કે જેની ઉમ્મર ઘણા વર્ષની કલ્પવામાં આવે છે, તેઓ સતી સીતાજી જેવી નાની બાળા કે જેને હમણાં જ શ્રી રામચંદ્રજી પરણીને લાવ્યા છે તેને આશીર્વાદ આપતાં કહે છે કે,—

> शिशुर्वा शिष्या वा यदसि मम तत्तिष्ठतु तथा ।
> विशुद्धेरुत्कर्षस्त्वयि तु मम भक्तिं द्रढयति ( जनयति ) ॥
> शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगति ( जगतां ) ।
> गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः ॥

હે સીતાજી! તું શિશુરૂપે કે શિષ્યારૂપે ગમે તે રૂપે મારી સમક્ષ હો પરંતુ તારી વિશુદ્ધિનો ઉત્કર્ષ એટલે તારી પરમ વિશુદ્ધિ-તારી ભાવના એ જ તારા પ્રતિ મારી ભક્તિ દૃઢ કરે છે (જન્માવે છે), કેમકે શિશુપણું કે સ્ત્રીપણું જગતમાં પૂજ્ય નથી પરંતુ તેમાં રહેલા ગુણો જ પૂજાનું સ્થાન છે, જેમાં ઉમ્મર કે જાતિ બીજું કાંઇ જોવાતું નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહાહા ! ! કેટલી ગુણુભક્તિ ? કેવું સતીનું માહાત્મ્ય ! ગુણુગાયક વિભૂતિ અતિ ગુણવાન ને શ્રેષ્ઠ છતાં ગુણપૂજાનો મહિમા કેટલો વધાર્યો ?

એક બીજું ઉદાહરણ—વેદના પ્રણેતા, કર્મકાંડમાં કુશળ, જપતપ ને વ્રતના સ્વાધ્યાયી, જ્ઞાન, યમ ને નિયમના અભ્યાસી વ્યાસમુનિ જેવી મહાસમર્થ વ્યક્તિ પોતાને અપૂર્ણ માની પરમશ્રેષ્ઠ જ્ઞાનની અભિલાષાએ સ્વયં બ્રહ્મજ્ઞાની નારદજીને પોતાના આશ્રમે પધારતા જોઈ ત્વરાથી ઊભા થઈ, વિધિપૂર્વક પૂજન કરે છે. નીચેના શ્લોકમાં તે બતાવવામાં આવ્યું છે—

तमभिज्ञाय सहसा प्रत्युत्थायागतं मुनिः ।
पूजयामास विधिवन्-नारदं सुरपूजितं ॥

## જયન્તિઓ ઉજવવાનું કારણ.

ગુણીના ગુણાનુવાદ ગાવા, તેનું બહુમાન કરવું તે ગુણપક્ષપાતીનું લક્ષણ છે તેથી જ કહ્યું છે કે: "**गुणाधिकेषु गुणपक्षपाती**" આમાં જાતિ કે ઉમ્મરનો પક્ષપાત નથી. ગુણી ગુણથી પૂજાય છે એટલે તેનો સ્થૂળ દેહ નહિ પણ એના ગુણો જ પૂજ્નય છે, તેની સાથે તેના જે ગુણો બીજામાં આવિર્ભાવ પામ્યા છે તે પણ પુજાય છે. આમ એક સંતની પૂજાભક્તિમાં સર્વ સંતની પૂજાભક્તિનો સમાવેશ થાય છે, આથી આપણું જીવન ક્રમેક્રમે વધારે જ્ઞાનમય, શ્રદ્ધામય અને ધર્મમય બનતું જાય છે. એટલે કે આપણામાં રહેલી ગુપ્ત શક્તિઓ પ્રાદુર્ભાવ પામે છે, કે જેથી આપણે આપણો ઉદય સાધી શકીએ, તેની સાથે આપણી નબળાઈનું આપણને ભાન થાય, એ આવી જયન્તિઓ ઉજવવાનું કારણ છે. આથી ભૂલાઈ ગયેલી આર્ય સંસ્કૃતિ તાજી થાય છે.

હવે ગુણપૂજાને વધારે નહિ લંબાવતાં પ્રભુના જન્મ તરફ વળીએ.

## પહેલું ચ્યવન કલ્યાણક.

શાસ્ત્રકારોએ તીર્થંકર દેવના પંચકલ્યાણકો—પાંચ વિશિષ્ટ પ્રસંગો સુંદર રીતે વર્ણવ્યા તે વિધવિધ ભાવથી ભરપૂર છે. પ્રભુ મહાવીરનું પહેલું ચ્યવન કલ્યાણક આષાઢ સુદ ૬ ને રોજ થયું. બીજા તીર્થંકરો કરતાં પ્રભુ મહાવીરનું ચ્યવન કલ્યાણક વધારે બોધપ્રદ અને આશ્ચર્યકારક છે.

ભગવાન ઋષભદેવના પુત્ર ભરત મહારાજાના અતિ વૈરાગી પુત્ર મરીચિકુમાર ( મહાવીરનો જીવ ) ભગવંતની દેશના સાંભળી વૈરાગ્યની ઉત્કટતાએ ચારિત્ર ધારણ કરે છે. કેટલેક કાળે ચારિત્રના કઠણ પરિષહો આ સુકોમળ કુમાર સહન નહીં કરી શકવાથી ચારિત્ર ત્યાગી સંન્યાસી પદ ધારણ કરે છે. શ્રદ્ધા પ્રભુના માર્ગની હોવાથી પ્રભુ સાથે જ ફરે છે. ચારિત્ર ધર્મ સાંગોપાંગ ઉતારવો કેટલો દુષ્કર છે, તેમજ તેનું વહન કરતા કેટલું આત્મિક બળ વાપરવું પડે છે તે દીક્ષાના ઉમેદવાર કે જેઓ સ્મશાન વૈરાગ્યથી દીક્ષા લેવા પ્રેરાય છે તેમણે લક્ષમાં રાખવા જેવું છે.

ચારિત્રાવરણીય કર્મના ઉદયથી મરીચિ સંયમ પાળી શક્યા નથી, પરંતુ નયસારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવમાં પ્રાપ્ત થયેલું દર્શન( સમ્યક્ત્વ ) તેમણે ગુમાવ્યું નથી. આ સંન્યાસ અવસ્થામાં એક વખતે તેમને અહંભાવ ઉત્પન્ન થવાનું કારણ એ બન્યું કે ભગવાન ઋષભદેવની દેશના ચાલે છે, પર્ષદા ભાવથી ગ્રહણ કરે છે, મરીચિ પણ એક સ્થળે બેસીને સાંભળે છે. એવામાં એક પ્રશ્ન પુછાયો કે–પ્રભો ! આ પર્ષદામાં કોઇ તીર્થંકરનો જીવ છે કે ? કેવલ્યજ્ઞાની પરમાત્માએ તુર્ત જ જવાબ આપ્યો કે,—

આ સંન્યાસી મરીચિ વાસુદેવ અને ચક્રવર્તી થઇ આ ચોવીશીના છેલ્લા તીર્થંકર થશે. આ સાંભળી મરીચિને ગર્વ થયો કે હું પહેલો વાસુદેવ, મારા પિતા પહેલા ચક્રવર્તી ને દાદા પહેલા તીર્થંકર, વાહ ! વાહ ! ધન્ય છે મારા ઉચ્ચકુળને ! આ ગર્વ ભાવનાએ નિકાચિત નીચગોત્ર ઉત્પન્ન કર્યું, તેમજ કપિલ ! इत्थं पि इहयं पि આ ઉત્સૂત્રની પ્રરૂપણાએ ઘણો સંસાર વધાર્યો, જે કાળક્રમે ક્ષીણ કરતાં કરતાં પચીશમા ભવમાં વીશ સ્થાનક તપની આરાધના કરી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરી ૨૬મા ભવમાં પુષ્પોત્તર નામના દશમા પ્રાણત દેવલોકમાં ઉત્પન્ન થયા.

આ દેવલોકનું ૨૦ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, નિકાચિત નીચ ગોત્રના કારણે દેવાનંદા બ્રાહ્મણીના કૂખમાં ( ઉદરમાં ) પધાર્યા. આ પહેલું ચ્યવન કલ્યાણક ગણાયું, પરંતુ તીર્થંકરો બ્રાહ્મણ( ભિક્ષુક ) અને એવા બીજા હલકા કુળમાં ( ક્ષત્રિય સિવાય ) અવતરતા નહિ હોવાથી હરિણગમેષી દેવે સાડીબાશી દિવસ પછી આસો વદ ૧૩ ને દિવસે ગર્ભસંક્રમણ કરી માતા ત્રિશલાના કૂખમાં અદલબદલ કર્યા એટલે આ પણ ચ્યવન કલ્યાણક ગણાય.

પ્રભુના નીચ ગોત્ર નિકાચિત કર્મના આ છેલ્લા યોગમાં માતા દેવાનંદાએ પૂર્વે જેઠાણી તરીકે દેરાણીનો ( ત્રિશલાજીનો ) રત્નનો ડાબલો ગુમ કરેલો તે કર્મના યોગે આજે પુત્રરત્ન ખોવાનો પ્રસંગ દેવાનંદાજીને અને પુત્રરત્ન પ્રાપ્ત કરવાનો પ્રસંગ ત્રિશલાજીને આવી ઊભો રહ્યો છે. કર્મની ગતિ કેવી વિચિત્ર ?

ઉપરની હકીકત તો આપણે ઘણી વખત સાંભળી છે ને વાંચી છે પરંતુ પ્રભુના જન્મની તારવણીમાં એક પ્રશ્ન વિચારણા માંગી લે છે.

બ્રાહ્મણ કુળને નીચ કુળ કેમ કહેવામાં આવ્યું હશે ! બ્રહ્મનો સાક્ષાત્કાર કરનાર બ્રાહ્મણ કહેવાય છે, શુદ્ધ બ્રાહ્મણ બ્રહ્મત્વને પામવા જ્ઞાનધ્યાનનો પ્રબળ પુરુષાર્થ કરે છે. હજારો વર્ષ સુધી તપશ્ચર્યાદિ અનુષ્ઠાનો સેવે છે, વૃક્ષનાં વલ્કલો પહેરી ફળ ફૂલ ખાઇ બ્રહ્મત્વની સાધનાના સાધક બને છે, જગદ્ગુરુ તરીકેનું મહાન ગૌરવ આ બ્રહ્મત્વની સાધનામાં સમાયેલું છે, બ્રાહ્મણ સંસ્કૃતિમાં આત્મવિકાસની સંસ્કૃતિ પણ છૂપી રહેલી છે, ઇંદ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ આદિ મહાત્માઓ આ કુળમાં જ જન્મ્યા હતા, ઉપરોક્ત તીર્થંકર દેવના બોધથી હજારો બ્રાહ્મણો સ્વાત્મસાધના સાધી ગયા છે એટલે આ કુળ હલકું કહેવાય નહિ, પરંતુ તીર્થંકરોને પોતાના છેલ્લા ભવમાં અતુલ ધૈર્યથી જે સાધના સાધવી છે તે ક્ષાત્રતેજ માતાના ઉદરથી પ્રાપ્ત થવા માટે જ ક્ષત્રિય કુળમાં અવતરવું પડે છે.

બ્રાહ્મણ સંસ્કૃતિથી ક્ષાત્રતેજની પ્રાપ્તિની અપૂર્ણતા રહે એ અપેક્ષાએ આ કથન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાહ્મણ સંસ્કૃતિમાં યાચકભાવનો નિર્દેશ કરાએલો હોવાથી આ કુળ હલકું ગણાય છે. વ્યક્તિ તરીકે દ્વિજવર્ય રુષભદત્ત તથા દેવાનંદાજી ઊંચી સંસ્કૃતિને પામેલા હતા. તેમજ તદ્‌ભવમોક્ષગામી હોવાથી હલકા કુળના કહી શકાય નહિ. સંસારની પરાકાષ્ઠા જોતાં પ્રભુના નવા માબાપ કરતાં આ જૂનાં માબાપ વધારે ઊર્ધ્વગામી છે. વળી જૈન સિદ્ધાંતમાં તો જ્ઞાતિના ભેદભાવ વિના મોક્ષ કહ્યો છે એટલે નીચ ગોત્ર તો તીર્થંકરને પ્રાપ્ત કરવાની શારીરિક શક્તિ( વજ્રરુષભનારાચ સંહાણ )ને અર્થે જ કહેવાયું છે, કે જે શક્તિ ક્ષાત્ર-સંસ્કૃતિમાંથી એટલે ક્ષત્રિય માતાનું દૂધ ધાવીને જ પ્રાપ્ત કરી શકાય. જેથી દરેક તીર્થંકરોએ ક્ષત્રિયને ત્યાં જન્મ લીધેલા આપણે વાંચીએ છીએ. યજ્ઞયાગાદિ હિંસક પ્રવૃત્તિ કરી યાચક વૃત્તિથી પોષણ ચલાવનાર બ્રાહ્મણોની સંસ્કૃતિ કદી વખાણી શકાય નહિ પરંતુ જે સંસ્કૃતિએ અનેક ધર્માત્માઓ ઉત્પન્ન કર્યા તેને નીચ કુળ કહીને અવગણના કરી શકાય નહિ. જૈન દૃષ્ટિ ગુણગ્રાહી અને ન્યાયી છે જેથી આ અપેક્ષા ભાવ સમજાવવા પ્રયત્ન કર્યો છે.

શારીરિક શક્તિની જરા અપૂર્ણતાએ ઘાસના તૃણ જેટલો પરિગ્રહ રાખી તપની સાધના કરનાર બગદાલવ રૂષિ, અને શ્રી કૃષ્ણને ભેટ આપવા માટે જેની પાસે પાશેર તાંદુલ નથી એવા અતિ દીનદશાએ પહોંચેલા પણ અયાચક રહેલા વિપ્ર સુદામાજી તેમજ જ્ઞાનના પ્રકાશક અષ્ટાવક્ર રૂષિ જેવા મહાત્માઓ વિપ્રકુળમાં જ અવતર્યા હતા, તેને હલકું કહી શકાય નહિ

## બંધ અને મોક્ષનું સ્વરૂપ.

तदा बन्धो यदा चित्तं किञ्चिद्वाञ्छति शोचति ।
किञ्चिन्मुञ्चति गृह्णाति किञ्चिद् हृष्यति कुप्यति ॥
तदा मुक्तिर्यदा चित्तं, न वाञ्छति न शोचति ।
नमुञ्चति न गृह्णाति, न हृष्यति न कुप्यति ॥
तदा बन्धो यदा चित्तं, सक्तं कास्वपि दृष्टिषु ।
तदा मोक्षो यदा चित्त-मसक्तं सर्वदृष्टिषु ॥

× × ×

" यदा नाहं तदा मोक्षो यदाहं बन्धनं तदा "

## પ્રભુનો જન્મસમય.

વિક્રમ સંવત ૫૪૨ પહેલાં ઇ. સ. પૂર્વે ૫૯૮ ચૈત્ર સુદ ૧૩ મંગળવાર રત્રિના મધ્ય સમયે ઉત્તરાફાલ્ગુણી નક્ષત્રમાં આવેલા ચંદ્રના શુભ ગોગમાં કાશ્યપ ગોત્ર અને ઇક્ષ્વાકુ વંશમાં અપાપા દેશના ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં જન્મ્યા. પ્રભુનો જન્મ ઐતિહાસિક દ્રષ્ટિએ મહારાજા શ્રેણિક, ગૌતમબુદ્ધ અને બીજા પ્રસંગો જોતાં ઇ સ. પૂર્વે ૫૯૮ના જન્મની માન્યતા જૈનોમાં પ્રચલિત છે પરંતુ હર્મન જેકોબી, કામતાપ્રસાદ જૈન ને કે. પી. જયસવાલના મતો કાંઇક જૂદા પડે છે.

આ દિવસ એટલો બધો મહાન છે કે જગતના સર્વ જીવો આ વખતે સુખનો અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ કરે છે. તેમના ઉપર સ્વાભાવિક રીતે જ સુખની છાયા છવાઇ જાય છે. આ આભાસ એકલા મનુષ્ય ઉપરજ પડતો નથી, પરંતુ વૃક્ષ, ફળ, ફૂલ, પશુ, પક્ષી, દેવ, દાનવ એ દરેક ઉપર આ છાયા પથરાઇ જાય છે, એટલું જ નહિ પણ નારકીના જીવો જે અપાર વેદના ભોગવતા હોય છે તેઓને પણ બે ઘડી સુખનો અનુભવ થાય છે. તેથી જ કહેવાય છે કે— " नारका अपि मोदन्ते यस्य कल्याणपर्वसु " આ પ્રભાવ જેવો તેવો ન ગણાય. ખરેખર લોકોત્તર મહાત્માના જન્મની બલિહારી છે.

## પ્રભુનો જન્મોત્સવ.

પ્રભુના જન્મથી ઇંદ્રનું આસન ચલિત થાય છે, ઇંદ્ર અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી તીર્થંકરના જન્મને જાણે છે, દેવતાઓ સુઘોષા આદિ ઘંટ વગાડે છે, બધા દેવતાઓ જન્મોત્સવ કરવા તૈયાર થાય છે, નંદીશ્વર દ્વીપમાં ૬૪ ઇંદ્રો અષ્ટાહ્નિકા મહોત્સવ પરમ ઉલ્લાસથી કરે છે, ઇંદ્ર ઇંદ્રાણી મેરુગિરિ પર લઇ જઇ સ્નાન કરાવે છે, છપ્પન કુમારિકાઓ મંગળ ગીતો ગાય છે, દેવતાઓ દુંદુભિ વગાડે છે. નીચેની ઉક્તિઓ સમયનો સારો પ્રભાવ પાડે છે.

હર્ષઘેલા થયા ઇંદ્રો, જિન જન્મોત્સવો કરી,
તૃણ સમું ગણ્યું સ્વર્ગ, જિનજન્મ પ્રતાપથી.
વિશ્વ વિલસે જગ જન હુલ્લસે, ગાન તાન ગુલતાન,
ગાંધર્વોની મધુરી વીણા, ત્યાં ગાતી ગુણગાન.
કરતા દેવો આદરમાન-જિનેશ્વર જન્મતણો પ્રભાવ.

પ્રભુને જન્મથી જ જિન કહેવાનો અર્થ એ છે કે,-તીર્થંકરનો જીવ જ્યારથી તીર્થંકર નામગોત્ર બાંધે છે ત્યારથી તે દ્રવ્ય જિન કહેવાય છે. જેમકે " दव्वजिणा जिणजीवा " અને કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ પછી સમવસરણમાં બેઠેલા જિનેશ્વરને ભાવ જિનેશ્વર કહેવાય છે; જેમકે " भावजिणा समवसरणत्था "

પ્રભાતે રાજા સિદ્ધાર્થને પુત્રજન્મની વધામણી મળતા તેઓ અતિ હર્ષ પામે છે. રાજરીત મુજબ આખા શહેરને શણગારે છે, સુંદર વાજીંત્ર વાગી રહ્યા છે, કથાકીર્ત્તન અને સ્તોત્રોના મંગળ ધ્વનિ થઇ રહ્યા છે, ગરીબોને દાન આપવામાં આવે છે, કર માફ થાય છે, બ્રાહ્મણ શ્રમણનું ભાવથી સન્માન થાય છે. અગીયાર દિવસનું સુતક પાળી બારમે દિવસે પૌર જનને જમાડવામાં આવે છે.

કાળક્રમે ઉમ્મરમાં વધતાં બીજના ચંદ્રની જેમ શોભામાં વૃદ્ધિ પામતા જાય છે. રિદ્ધિસિદ્ધિની વૃદ્ધિથી વર્ધમાન નામ પાડવામાં આવે છે. સુરક્ષિત ચંપક વૃક્ષની માફક કીર્તિની સુવાસ ચારે તરફ પ્રસરી રહી છે, ધીરતા વીરતા ને ગંભીરતા વૃદ્ધિ પામતા જાય છે, નિર્ભયતા અને દ્રઢતાના દ્રષ્ટાન્તો અજાયબી ઉત્પન્ન કરે છે, જન સમુદાય હવે મહાવીરના નામથી સંબોધે છે.

## ત્રીજું કલ્યાણક અને મનઃપર્યવ જ્ઞાનની પ્રાપ્તિ.

રાજકુમાર તરીકેની સંપૂર્ણ લાયકાત મેળવી વૈરાગ્ય ભાવે ગૃહસ્થાશ્રમ ચલાવે છે. ૨૮ વર્ષની ઉમ્મરે માતાપિતા કાળધર્મ પામે છે એટલે ગર્ભમાં કરેલી પ્રતિજ્ઞા પૂરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતી જોઇ ચારિત્ર અંગીકાર કરવાની ભાવના પ્રબળ થાય છે પરંતુ કાળલબ્ધિની પ્રાપ્તિની હજુ બે વર્ષની વાર છે તેની સાથે બંધુ નંદીવર્ધનના શાંત્વનનું કારણ પણ સચવાય છે. આ સમય પૂરો થતાં પ્રભુ ૩૦ વરસની ઉંમરે માગશર વદ ૧૦ ને રોજ કરોડો સોનામહોરોનું દાન આપી રાજરીતને શોભતી દીક્ષા અંગીકાર કરે છે કે તુર્ત જ મનઃપર્યવ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

મનઃપર્યવ જ્ઞાન મનુષ્ય ક્ષેત્રપ્રમાણ વિષયવાળું છે, ગુણપ્રત્યયિક હોવા સાથે ચારિત્રવંતને જ હોય છે. અઢી દ્વીપ અને બે સમુદ્રમાં સંજ્ઞી પ્રાણીઓના મનથી ચિન્તવેલા અર્થને પ્રગટ કરે છે જે અપ્રમત્ત ચારિત્રવાળાને જ હોય છે.

## કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ અને પૂજવા યોગ્ય ગુણો.

આ પ્રમાણે ચાર જ્ઞાન પ્રાપ્ત કરી પાંચ અભિગ્રહ ધારણ કરી પ્રભુ ગ્રામાનુગ્રામ વિચરી પાંચમા જ્ઞાનની પ્રાપ્તિને માટે અસાધારણ પુરુષાર્થ સેવે છે કેમકે કર્મસમુદાય–કર્મનું દેવું અને નિકાચિત કર્મબંધન બીજા તીર્થંકરો કરતાં પ્રભુ મહાવીરને વિશેષ હતાં. આ દેવું આ ભવના થોડા સમયમાં જ પૂરું કરવાનું હતું. આ દેવું કેટલું હશે ? તેનું સરવૈયું તો ૧૨॥ વરસ અને ૧૫ દિવસના અઘોર તપથી જ કાઢી શકાય. આનું વર્ણન કરતાં વજ્ર હૃદય પણ પીગળી જાય, પ્રભુએ સહેલા ઉપસર્ગો–પરિષહો જેનું વર્ણન સાંભળતાં જ નાસ્તિકના હૃદયમાં આસ્તિક ભાવ પ્રગટી નીકળે. આ કર્મના દેવામાં એટલે તપશ્ચર્યા કે દુઃખમાં પ્રભુએ બતાવેલી સહિષ્ણુતા, દયા, ક્ષમા, નીડરતા, નમ્રતા, વિવેક, સ્વાશ્રય, સહનશીલતા, ધૈર્ય, ત્યાગ, પુરુષાર્થ આદિ અનેક ગુણો અનેકવિધ પૂજા તથા ભક્તિને પાત્ર થાય છે.

કર્મનું દેવું પૂરું થયે વૈશાક સુદ ૧૦ ને દિવસે પ્રભુને કૈવલ્યજ્ઞાન, કૈવલ્યદર્શન પ્રાપ્ત થાય છે. આ કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરાવનાર પોતાના ગુણો જ છે. કૈવલ્યજ્ઞાન એ આત્મિક ગુણોની શક્તિ છે, આત્માનો સહજ સ્વભાવ છે. જે આત્મા નિર્મળપણાને પામતાં આત્મામાંથી જ પ્રગટે છે.

આજની જયન્તિ આ ગુણોની પૂજા અને સ્મરણ કરવા માટે જ છે. પ્રભુનો બોધ ધર્મ અને તત્ત્વજ્ઞાનનું દર્શન કરાવે છે. ધર્મ પ્રાણીઓને સુખી થવાનો માર્ગ બતાવે છે જ્યારે તત્ત્વજ્ઞાનથી વિચાર નિર્ણયાત્મક બને છે. ધર્મ દુઃખને દૂર કરવા માટે છે જ ત્યારે તત્ત્વજ્ઞાન દુઃખનું સ્વરૂપ સમજાવે છે. પ્રભુ મહાવીરના જીવનમાંથી પ્રગટ થતા આ બે સિદ્ધાંતો સમજવા યોગ્ય છે.

આપણે આપણી સંસ્કૃતિને સંભારીએ અને ગુણપૂજાને સમજીએ તો જૈનોના હાલ મુખ્ય ત્રણ વિભાગો અને તેમાંથી નીકળેલા બીજા અનેક ભેદોએ વિભક્ત બનેલી જૈન કોમ દિવસે દિવસે કંગાલ બનતી, શ્રદ્ધામાં ઉતરતી જતી, શારીરિક બળ ગુમાવતી, પરાશ્રય વેઠતી, તિરસ્કાર પામતી, ધર્મથી વિમુખ થતી, વિવાદમાં ઘેરાતી, ફેશનની બલામાં ફસાતી બચી જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૃદ્ધત્વમીમાંસા

( ૩ )

## Growing old happily & wisely—

### વૃદ્ધાવસ્થા સુખમાં અને ડહાપણમાં કેવી રીતે ગાળવી ?

લેખક—શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી

( ગતાંક પૃષ્ઠ ૧૦૫ થી શરૂ )

જીજીવિષા-જીવવાની ઇચ્છા એક અગત્યની બાબત છે. ચપળ નિર્ણયાત્મક મનનો શરીર ઉપર મોટો કાબૂ હોય છે. ડોક્ટરો સારી પેઠે જાણે છે કે ઘણા રોગો મન અને લાગણીના કારણથી હોય છે. મગજ અને શરીર વચ્ચે ઐક્ય છે. માનસિક અને શારીરિક શક્તિઓમાં અરસપરસ મિશ્રણ છે. મગજ નબળું પડે છે એટલે શરીર નબળું પડે છે. આત્મબળ મોટામાં મોટું ઔષધ છે માટે સુખમાં રહેવા વૃદ્ધ માણસે આત્મબળ કેળવવું જોઇએ.

વૃદ્ધ માણસે દેશકાળ પ્રમાણે પોતાના વિચારો અને આચારોમાં અનુકૂળ થતાં શીખવું જોઇએ. પોતાનાં પૂર્વ ગ્રહોને વળગી ન રહેવું જોઇએ; નહિ તો જગતમાં તે એકલો પડી જશે. કેટલાક વૃદ્ધ માણસોના મન એવા રીઢા થઈ ગયેલા હોય છે કે કાંઇ નવીન વિચારને ગ્રહણ કરી શકતા નથી, અને પોતે સર્વ વાતમાં પ્રવીણ છે એવી ભ્રમણા સેવે છે. વૃદ્ધાવસ્થામાં સુખી જીવન ગાળવાનો આ ઉપાય નથી. નવા વિચાર કે શોધખોળ જો માણસના મન ઉપર કાંઇ અસર ન કરી શકે તો ભયની નિશાની જાણવી, તેનો સમય પાકી ગયો છે એવું સમજવું.

વૃદ્ધ માણસોને ભૂતકાળ માટે મોટું માન હોય છે. ભૂતકાળના સુખી દિવસો એમ બોલાય છે અને તેમાં આનંદ લેવાય છે. આ એક આહ્‌લાદક વાંછના છે, મને ઊભી કરેલ ભ્રમણા છે. આવી ભ્રમણા સેવવાથી સુખી થવું હોય તો આગળ જોતાં શીખો, પાછળ જોતાં નહિ. ભૂતકાળ આપણે વિચારીએ તેવો સુખમય ન હતો અને ભવિષ્યકાળ પણ આપણે ધારીએ તેવો દુઃખમય હશે નહિ. દૃઢતાથી વિવેકવાળા અને આશાવાદી બનો. જીવતા હો ત્યાં લગી સમાજ સાથે સંપર્કમાં રહો. મરણની શોધમાં ન ફરો.

તમારા સંસ્કારો અને સંસ્મરણોને દરેક વખતે તમારા વાર્તાલાપમાં ઘુસાડવા પ્રયત્ન ન કરો, બીજાઓને પણ સાંભળવા તૈયાર રહો, નહિ તો તમે અતડા પડી જશો. વૃદ્ધ માણસે આનંદવાળા વાતાવરણમાં રહેવું. તે મોજશોખ વિના રહી શકે, પણ સતત ઘર્ષણમાં ન રહી શકે. તેણે કજીયા-કંકાસમાં ન રહેવું, તેમ તદ્દન એકલા પણ ન રહેવું. પોતાને અનુકૂળ એવી સોબતમાં રહેવું. જે પત્ની સાથે લાંબા સુખી દિવસો કાઢ્યા હોય તેનો સહવાસ એક મોટું ભાગ્ય છે. જે ઘરમાં રહીને વૃદ્ધ માણસે ઘણા વર્ષો કાઢ્યા હોય તે ઘર તેણે છોડવું નહિ. છોકરાંઓ બીજે સ્થાને ગયા હોય તો પણ તેણે પોતાનું જૂનું ઘર વેચી નાંખવું નહિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે બીજે સ્થળે દીકરા કે દીકરી સાથે રહેવા જવું નહિ. જૂના મૂળો ઉખેડી બીજે સ્થળે જીવનવૃક્ષને રોપવાનો પ્રયત્ન ન કરવો, તેવો પ્રયત્ન કરવાથી તેનું જીવિત ટૂંકું બનશે.

પોતાના જીવનનો અંત કયે દિવસે આવશે, તેના ઉપર તેણે મનને બગાડવું નહિ. તેવો દિવસ કાલે પણ આવે અને ઘણા વર્ષો પછી પણ આવે. ઘણા વર્ષો આપણે રાત્રે સૂતા અને સવારના જાગ્યા છીએ. છેવટે એક એવી નિદ્રા થશે જેમાંથી આપણે નહિ જાગીએ, તેનું નામ જ મૃત્યુ છે. જે મૃત્યુ જગત્‌ના ઉત્તમોત્તમ સ્ત્રીપુરુષો પણ પામ્યા છે, તે મૃત્યુ દુઃખમય નહિ હશે.

## જીવનની પરાકાષ્ઠા Reaching the Heights—

સમગ્ર રીતે વિચાર કરતાં વૃદ્ધાવસ્થા દુઃખમય કે શાપરૂપ નથી, મનુષ્ય જીવનના યશસ્વી કળશરૂપ છે. જીવનની પરાકાષ્ઠાએ વૃદ્ધાવસ્થામાં જ પહોંચાય છે, જુવાનીમાં પહોંચાતું નથી. ચારિત્રમાં શુદ્ધતા અને ડહાપણમાં વિશાલતા વૃદ્ધાવસ્થામાં આવે છે; યુવાનીમાં ભાગ્યે જ આવે છે. સીત્તેર વર્ષ જેવા લાંબા કાળે પરિપકવ થયેલ અનુભવના ફળની મીઠાશ જુવાન માણસને મળી શકતી નથી. જીવનની પરિપાક દશા લાંબા જીવન પછી જ પામી શકાય છે. વૃદ્ધ માણસને વિવાહની, સંતતિની અને ધનસંચય કરવાની ઘણી ઉપાધિ ઓછી થઇ જાય છે. તેના જીવનની જરૂરીઆતો ઓછી થઇ જાય છે. આસપાસના સંયોગોથી તે ઘણે અંશે સ્વતંત્ર બને છે. અને મનની યુવાની હોય અને આંખમાં તેજ હોય તો વૃદ્ધાવસ્થા આનંદમાં ગાળી શકે છે.

સીત્તેર વર્ષના માણસને આંતરૂજીવન હોય છે, જે જીવન યુવાન માણસને ઓછું હોય છે. તેનું આંતરૂજીવન હજારો સંસ્કારો અને સંસ્મરણોથી ભરેલું હોય છે.

વૃદ્ધનો ખરો મિત્ર વૃદ્ધ જ હોઇ શકે છે. તેઓ એક બીજાને સમજી શકે છે. જીવનની ઘણી સમસ્યાઓ તેઓએ અનુભવેલી અને ઉકેલી હોય છે. યુવાન માણસ આ હકીકત સમજી શકતો નથી.

સીત્તેર વર્ષનો માણસ જગતમાં પોતાનો રસ્તો કાઢી શકે છે. તે પરદેશી નથી કે જગતનો અપરિચિત નથી. જગતના ભયસ્થાનો તે જાણે છે અને તેમાં રસ્તો કરી શકે છે. જગત્‌ના ખોટા દેખાવ કે સંયોગથી તે ગભરાતો નથી. સુંદર દેખાતી ખોટી માયાથી તે ઠગાતો નથી. માણસ અને સમાજની ખરી કિંમત તે કરી શકે છે અને તેનો સાચો હિસાબ કાઢી શકે છે. વસ્તુ ઉપયોગી કઇ છે અને નકામી કઇ છે તે લાંબા અનુભવથી જ સમજી શકાય છે, અને તે પ્રમાણે સમજ્યા પછી જ નકામી વસ્તુ તરફ ઉપેક્ષા રાખવાનું શીખી શકાય છે.

સીત્તેર વર્ષ પહેલા ગુજરી જનાર માણસ તેના જીવનનું ખરૂં ફળ ભોગવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતો નથી. તેને ઘણું જાણવાનું અને કરવાનું બાકી રહી જાય છે. જગત્‌ને પણ તેની મોટી ખોટ પડે છે.ઉપયોગી જીવન લંબાય તો જગત્‌ને ઘણું જોવા જાણવાનું મળે.

કેટલાક એવા અસાધારણ ગુણો છે કે તે અમુક અવસ્થાએ જ પ્રાપ્ત થાય છે. વૃદ્ધ અનુભવી ડાહ્યા માણસની ભાષામાં મીઠાશ હોય છે. તેની વાતચીત ઉપરછલી હોતી નથી. તેના લખાણ અને ભાષામાં વિશાળતા હોય છે. તેના નિર્ણયોની પાછળ ઊંડોળો અનુભવ હોય છે.

જગત્‌ના અનુભવથી જ માણુસ સમજુ અને સદ્‌ગુણી બને છે. વૃદ્ધ માણસોને લાંબો અનુભવ હોય છે. જૂદી જૂદી વિચારશ્રેણિઓ તેણે પસાર કરેલ છે. તેણે લડાઇઓ પણ જોયેલ હોય છે અને સુલેહ પણ જોયેલ હોય છે. દેશોની ચડતી પડતી તેણે નિહાળેલ હોય છે. પાંચ છ દાયકાઓનો ઇતિહાસ તેની જાણમાં હોય છે. વર્તમાન સ્થિતિ પણ તેના ધ્યાન બહાર હોતી નથી. આવો લાંબો અનુભવ લાંબી ઉમરે જ મળે છે. ગમે તેવા તેજસ્વી યુવાન માણસને આવો લાંબો જગતના વ્યવહારનો અનુભવ થઇ શકતો નથી.

કેટલાક માણસોને ઉમ્મરની અસર વહેલી થાય છે. કેટલાકને ઘણી મોડી થાય છે. કેટલાક વીશ વર્ષની નાની ઉમરે પણ શરીર અને મનથી ઘરડા જેવાં જણાય છે, જ્યારે કેટલાક સીત્તેર વર્ષની ઉમરે પણ શરીર અને મનથી યુવાન જેવા જણાય છે. માણસની ખરી ઉમર વર્ષોથી માપવાની નથી પણ શક્તિથી માપવાની છે. માણસને જો પોતાના શરીર ઉપર મનનો કાબૂ હોય છે, જો ઉત્સાહ ને ચપળતા તેનામાં હોય છે, આત્મશક્તિ હોય છે તો ઉમર તેના ઉપર ઘણી ઓછી અસર કરે છે. તેના મન ઉપર તો ઉમરની અસર થતી નથી. ઊલટું મન વધારે વિશાળ અને પકવ થાય છે.

પ્રખ્યાત જીવનવિદ્યાશાસ્ત્રી( Biologist ) હેમ્ડેન કહે છે કે—આ વ્યવહાર જગત અધ્યાત્મ ગુણોના ઉત્તરોત્તર વિકાસ માટે છે. જીવનકાળનું માપ ગણિત પ્રમાણે કરવાનું નથી, પણ આધ્યાત્મિક ગુણોના ઉત્તરોત્તર વિકાસની દૃષ્ટિએ કરવાનું છે અર્થાત્ અમુક વર્ષ માણસ જીવ્યો એ ખરા જીવનનું માપ નથી, પણ કેટલા આધ્યાત્મિક ગુણો તેનામાં વિકાસ પામ્યા તે તેના જીવનનું માપ છે.

સદ્‌ગુણોથી માણસનું જીવન લંબાય છે. જો માણસે અંતર આત્માને મજબૂત કર્યો હોય, સંયમની કળા જાણી હોય, તો તે વધારે ટકી શકે છે. તેના ઉપરજગતની આધિ, વ્યાધિ અને ઉપાધિ ઓછી અસર કરે છે, બીજાઓના સારા નરસા વિચારો તેનામાં ઓછા પ્રવેશ કરી શકે છે. તેનો આત્મા સંવૃત ( સંવરવાળો ) થાય છે, સ્વાત્મપ્રતિષ્ઠિત થાય છે, સ્વતંત્ર વ્યક્તિત્વ તે ધારણ કરે છે. આવો માણસ અભય-ભયથી મુક્ત બને છે. ભય એક મહાન વિષ સમાન છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની અસર શરીર અને મન ઉપર બહુ માઠી થાય છે. વૃદ્ધ થયેલ સંયમ પાળનાર માણસને ભયની કાંઈ અસર થતી નથી.

આ મહાન્ વિશ્વના પ્રમાણમાં આપણે વસીએ છીએ તે પૃથ્વી ઘણી અલ્પ છે. પૃથ્વી ઉપરના પ્રાણીઓમાં પણ માણસ અતિ અલ્પ છે. અનંત કાળના પ્રમાણમાં માણસના જીવનની અવધિ કેટલી અલ્પ છે? છતાં માણસ અનંત કાળ અને અસંખ્યાત ક્ષેત્રનો વિચાર કરી શકે છે, જ્ઞાનમાં ગ્રહણ કરી શકે છે, એકેન્દ્રિય જીવથી ઉત્તરોત્તર વિકાસ પામતા અનંત શકિતવાળા પરમપદ તીર્થંકર પદને જીવાત્મા પામી શકે છે. ઉત્તરોત્તર વિકાશ થવો તે એક સનાતન નિયમ છે. તે નિયમમાં ધ્યેય છે, હેતુ છે. તે નિયમને આશ્રીને નીતિના અને ધર્મના નિયમો બંધાયા છે. તે સનાતન નિયમને જાણનાર અને વર્તનાર માણસ અનંત વિશ્વકલ્યાણના ચાલતા સૂરના તાનમાં ( In tune with the infinite ) છે અર્થાત્ તેનું જીવન વિશ્વકલ્યાણના માર્ગને અનુકૂળ છે, પ્રતિકૂળ નથી.

માણસમાં પશુતા, માનવતા અને ઐશ્વર્યતાનું ત્રિત્વ છે. ઉત્તરોત્તર વિકાસ થતાં પૂર્વપૂર્વની વૃત્તિ ગૌણ થાય છે અને ઉત્તર ઉત્તરની વૃત્તિ પ્રધાન બને છે. પૂર્ણ વિકાસ થવા પછી ઐશ્વર્ય પદને માણસ પામે છે. એવા પરમપદને પામેલા માણસો જગતમાં માર્ગદર્શક-સીમારૂપ છે.

વિજ્ઞાનના જમાનામાં અને બુદ્ધિવાદમાં ઉછરેલા મનુષ્યોને મરણ પછી બીજું જીવન છે કે નહિ અર્થાત પરલોક છે કે નહી તે સહજ સવાલ થાય છે. આ સવાલનો એક જ જવાબ હોઈ શકે કે જો આ મનુષ્ય જીવનમાં માણસ ઉત્તરોત્તર વિકાસ પામતો જોવાય છે, તો આ જીવન સાથે તેની વિકાસની પૂર્ણાહુતિ થવા સંભવ નથી પણ જીવનો પૂર્ણ વિકાસ થવા મરણ પછી પણ બીજું જીવન હોવું જોઇએ. મરણ પછીના જીવનનો વિચાર બાજુએ રાખીએ તો પણ જે માણસે પૂર્વાવસ્થા સદ્ગુણમાં, આનંદમાં અને પરહિતમાં ગાળી હોય છે તેની ઉત્તરાવસ્થા સુસંસ્મરણોથી ભરપૂર, સુખી અને આનંદવાળી હોય છે જયારે કુકર્મમાં કાઢેલ જિંદગીવાળાની ઉત્તરાવસ્થા દુઃખી, ભયયુકત અને અફસોસથી ભરેલી હોય છે. અર્થાત કુકર્મનાં ફળો આ ભવમાં જ માણસ ભોગવતો જણાય છે.

જગત ઉત્તરોત્તર વિકાસ પામતા વિશાળ પ્રવાહરૂપ જણાય છે. તે પ્રવાહ પૂર્ણતાએ પહોંચેલો કે ઉત્તરોત્તર હાનિ થતો જણાતો નથી તેમાં જીવોના વિધવિધ નવા આકારો ઊભા થાય છે. અને નોંધાયેલ ટૂંકા ઐતિહાસિક કાળમાં પણ ઉત્તરોત્તર ઉન્નત દશા નજરે પડે છે. માણસ એક વખત યત્ન કરે છે, પાછો પડે છે. ફરી યત્ન કરે છે, પણ પાછો પડે છે, પણ છેવટે તો ઉન્નત દશાને પામતો જોવામાં આવે છે. આપણી કલ્પનામાં પણ ન આવે એવો સનાતન નિયમ જગતના દેખાતા પ્રવાહ પાછળ કામ કરી રહ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુવર્ણ યુગની સ્મૃતિ.

લે૦—મોહનલાલ દીપચંદ ચોકસી

આપણે કળિયુગમાં જીવન વીતાવી રહ્યા છીએ એટલે ચોતરફ મોટા ભાગે કલહ-કંકાસ, ઝઘડા-બખેડા, સ્વાર્થવૃત્તિ અને માનવતાની ઊણપ દૃષ્ટિગોચર થાય છે. કેટલાક એને પંચમકાળનો પ્રભાવ માને છે. આવા વિષમ સમયમાં પણ મહાત્મા ગાંધીજીએ પોતાના જીવનનો રાહ અહિંસા અને સત્યના પાયા પર ગોઠવી જગત સમક્ષ જે અદ્ભુત ઉદાહરણ મૂક્યું એ કેમે કર્યું ભૂલાય તેમ નથી. જે વિશ્વ મોટા સમ્રાટો કે રાજકારણી નેતાઓના મરણથી નહોતું હાલી ઊઠ્યું તે હિંદના એક ખૂણામાં પડેલા મૂઠી હાડકાના માનવીના અવસાન માત્રથી કંપી ઊઠ્યું એટલુંજ નહીં પણ હાર્દિક શોકથી છવાઇ ગયું ! આ પાછળ વિચાર કરતાં જે કારણો તરી આવે છે એમાં મુખ્ય અહિંસા અને સત્યરૂપ ગુણબેલડી પર અટલ વિશ્વાસ અને એ દ્વારા પવિત્ર જીવનનું ઘડતર છે.

જે ગુણોમાં આ પ્રકારની અચિંત્ય શક્તિ ભરેલી છે એનું સૌપ્રથમ જ્ઞાન કરાવનાર ભારતવર્ષમાં પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ગણાય, પણ એ અંગેની જે છણાવટ આગમ ગ્રંથોમાં આલેખાઇ છે એના પ્રરૂપક અંતિમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી, લગભગ આજથી પચીસ સો વર્ષ પૂર્વે થયેલા છે. એમના જીવનકાળમાં કેટલાયે એવા પ્રસંગો આ વિશ્વના ચોપડે નોંધાયા છે કે જેની યાદ તેઓશ્રીના જન્મદિન નિમિત્તે કરવામાં આવે તો લાભદાયી નિવડે અને વધારામાં આપણા જીવનનો ભાવી રાહ નિયત કરવામાં માર્ગદર્શિકારૂપ બને. પંચમ કાળના જીવોને ગતયુગની આવી સ્મૃતિ કિંવા ઝાંખી, જીવન પરિવર્તનમાં અતિ ઉપયોગની છે.

કૈવલ્યની પ્રાપ્તિ પછી ભવિ જીવોનો કલ્યાણમાર્ગ સરળ બનાવતા ભગવંત મહાવીર ગંડકી નદી પર વસેલા અને વાણિજ્ય ગામ તરીકે ખ્યાતિ પામેલા વ્યાપારી કેન્દ્રમાં આવી પહોંચ્યા. દ્યુતિપલાસ ચૈત્યમાં તીર્થપતિના પગલા થયાનું સાંભળી સારીયે જનતા તેમનો ઉપદેશ સુણવા ઉપવનમાં એકઠી થઇ. ચૌદ રાજલોકના ભાવો હસ્તામલકવત્ જાણનાર પ્રભુએ મીઠી વાણીમાં દેશના દીધી. શ્રેષ્ઠિ સુદર્શને કાળ વિષયિક જ્ઞાન મેળવવા પ્રશ્ન કર્યો અને ભગવંતે એનું સ્વરૂપ વર્ણવતા નીચે મુજબ એના ચાર પ્રકાર બતાવ્યા.

૧ પ્રમાણકાળ. ૨ યથાયુષ્ક-નિર્વૃતિકાળ. ૩ મરણકાળ. ૪ અદ્ધાકાળ. એ પછી તો એ દરેકની વ્યાખ્યા ચાલી. એમાં પલ્યોપમ અને સાગરોપમ સંબંધી વિમર્શ—પરામર્શ થયો. સુદર્શનના પૂર્વભવનો ઉલ્લેખ થયો. એ સાંભળતા શેઠને જાતિસ્મરણજ્ઞાન થયું. ભગવંત પાસે ચારિત્ર ધર્મ સ્વીકાર્યો. અનગાર સુદર્શને ક્રમસર ચૌદપૂર્વનો અભ્યાસ કર્યો અને બાર વર્ષ પર્યંત શ્રમણધર્મનું પાલન કરી નિર્વાણ પામ્યા.

વાણિજ્યગામનો આ પ્રસંગ સાચે જ:



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્મૃતિરૂપ છે છતાં વધુ ખ્યાતિ વરવામાં તો બીજો અદ્‌ભુત બનાવ કારણરૂપ નિવડ્યો છે.

પ્રભુઆજ્ઞા લઈ નીકળેલા પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી, વાણિજ્ય-ગામમાંથી ગોચરી લઈ દૂતિપલાસ ચૈત્ય તરફ પાછા ફરી રહ્યા હતા. કોલ્લાગ-સંનિવેશ સમિપ આપતાં તેમના કાને લોકવાયકા આવી કે—

'આ સંનિવેશમાં ભગવાન્ મહાવીર-સ્વામીના ગૃહસ્થ શિષ્ય, એવા શ્રમણો-પાસક આનંદ મરણાંતિક અનશન સ્વીકારી, દર્ભના સંથારા પર સૂતા છે.'

ગણધરમુખ્યને આખર સ્થિતિમાં રહેલા આનંદ શ્રાવકને મળવાનો વિચાર આવ્યો અને કોલ્લાગસંનિવેશમાં આવેલી પૌષધશાળા તરફ પગલા માંડ્યા. અલ્પ-કાળમાં ત્યાં પહોંચી પણ ગયા.

ગણધર મહારાજને દેખતાં જ આનંદ શ્રાવકે હાથ જોડ્યા અને બોલ્યા કે—

'ભગવન્! અનશનના કારણે મારી શક્તિ ઓછી થઈ ગઇ છે. આપ જરા નજિક પધારો કે જેથી આપના ચરણમાં માથું નમાવી ગુરુવંદનનો અચાનક પ્રાપ્ત થયેલ લાભ હું મેળવું.'

ગૌતમસ્વામી નિકટ ગયા અને આનંદ શ્રાવકે વિધિપૂર્વક વંદન કર્યું. પ્રાસંગિક વાર્તાલાપ પછી શ્રમણોપાસક આનંદે પ્રશ્ન કર્યો—ભગવન્! ઘરમાં યાને સંસારવાસમાં રહી, ગૃહસ્થ ધર્મનું પાલન કરી રહેલા શ્રાવકને અવધિજ્ઞાન ઉત્પન્ન થઇ શકે ખરૂં?

હા, આનંદ. ગૃહસ્થાવાસમાં રહેલા શ્રાવકને પણ એ જ્ઞાન થાય છે.

ભગવન્! મને એવું જ્ઞાન થયું છે, જેના પ્રભાવે હું પૂર્વ-દક્ષિણ અને પશ્ચિમમાં લવણ સમુદ્રમાં પાંચસો યોજન સુધી, ઉત્તરમાં ક્ષુદ્રહિમવત્ વર્ષધર સુધી, ઉપર સૌધર્મકલ્પ અને નીચે લોલચ્ચુઅ નામના નરકાવાસ સુધી જાણી શકું છું અને દેખી શકું છું.

આનંદ! શ્રાવકને અવધિજ્ઞાન થાય છે જરૂર, પણ તમે કહી બતાવ્યું તેટલી મર્યાદા સુધીનું તો નહીં જ. તમારા કહેવામાં ભ્રાન્તિ યાને સ્ખલના થઇ છે. એનું આલોચનાપૂર્વક પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ.

આનંદ—ભગવન્! શું જૈન પ્રવચનમાં સત્ય વસ્તુની પ્રરૂપણા કરવાની મનાઇ છે? એમ કરવું એ શું ભૂલભર્યું છે? આપ પ્રાયશ્ચિત્ત કરવાનું કહો છો એ સારુ મારે આ પ્રશ્ન કરવો પડે છે.

ગૌતમગણધર—ના, ના, શ્રમણોપાસક આનંદ એમ તો નથી. સત્ય વાતની પ્રરૂપણા કરવી, એનો પ્રચાર કરવો એ તો ભગવંતે ધર્મનું કાર્ય કહેલું છે. એ ન તો ભૂલ ગણાય અને ન તો એને સારુ પ્રાયશ્ચિત્ત લેવાનું હોય.

આનંદ—ભગવાન્! ત્યારે તો આપે પ્રાયશ્ચિત્ત કરવું પડશે, કેમકે મારા કથનનો પ્રતિવાદ કરી, અરે એમાં શંકા ઉઠાવી, આપે અસત્ય પ્રરૂપણા કરી છે.

આસપાસ જે સગાસંબંધી આનંદની શુશ્રૂષામાં રોકાયેલા હતા, એ સૌ આ શબ્દો સાંભળી સ્તબ્ધ થઇ ગયા. ચરમ જિન શ્રી મહાવીરદેવના પટ્ટશિષ્ય સામે આ જાતનો પ્રસ્તાવ મૂકનાર શ્રાવક આનંદ! આખરે તો એક સંસારી જીવડો જ ને! કયાં ત્યાગી અને કયાં રાગી? કયાં રાજા ભોજ અને કયાં ગાંગો તેલી?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાં સૂર્ય અને ક્યાં આગિયો ? ગણધર મહારાજની વિદ્વત્તા આગળ શ્રાવક આનંદનો અભ્યાસ તે સાગરમાં ટીપા જેવો જ ને !

એકાદને લાગ્યું કે હમણાં જ ગણધર મહારાજ આનંદની બોબડી બંધ કરશે.

પણ ગણધર ગૌતમ તો ત્યાંથી મૌનપણે પસાર થઇ ગયા ! એમના ગયા પછી એક વૃદ્ધ સ્નેહીએ કહ્યું કે—

ભાઇ આનંદ ! તમે ગંભીર ભૂલ કરી છે. આવા પ્રખર વિદ્વાન સાથે આ જાતનો વર્તાવ ન જ શોભે. માની લઇએ કે તમારા જાણવા જોવામાં ભૂલ ન પણ હોય, છતાં મહારાજનો અધિકાર તો જોવો હતો. એમની ભૂલ જોનાર આપણે કોણ ?

- મુરબ્બી ! માફ કરજો, અન્ય પ્રસંગ હોત તો આપની આ વાત માન્ય કરત. પણ અહીં તો સત્યનો અપલાપ થવારૂપ બનાવ છે. એમ ન બનવા દેવું એ સમજુ આત્માનો ધર્મ છે. એ વેળા આ સાધુ છે કે ફલાણો શ્રાવક છે એ ન જોવાય. જેની ભૂલ હોય તે બતાવી દેવી એ જ ભગવંતની આજ્ઞા. સ્ખલન થતાં પ્રાયશ્ચિત્ત લેવું એ ધોરી માર્ગ. ત્યાં અધિકારના બંધન આડા ન જ આવી શકે. અનેકાંત દર્શનનો એ અટલ કાનૂન મરિચીને પણ લાગુ પડ્યો. એમાંથી બાહુબલિ જેવા મુક્ત ન રહ્યા અને ખુદ ચરમ તીર્થપતિના પૂર્વ જીવનમાં એનું ઉલ્લંઘન કરવા જતાં વહોરી લીધેલા કષ્ટોની પરંપરા ક્યાં ઓછી છે ? न्यायात् पथः प्रविचलन्ति पदम् न धीराः એ ટંકશાળી વચન છે.

પ્રસંગ છે તો નાનો છતાં એ વિચારણીય છે. વર્તમાન કાળના વાદવિવાદ અને ખેંચતાણુ જો એ કાળે અસ્તિત્વ ધરાવતા હોત તો આ બનાવનો ઉકેલ કંઇ અનોખી રીતે થયો હોત. કેટલાક ત્યાગીના લેબાશધારી આજે પણ માને છે કે સાધુ એટલે સર્વશ્રેષ્ઠ. એની સામે શ્રાવકનો અવાજ સંભવે નહીં. 'સર્વ કંઇ જાણનાર માત્ર અનગાર.' આ મંતવ્યમાં પૂર્ણ સત્ય નથી પણ પદવીનો મોહ છે. જ્ઞાનનો ઇજારો કોઇને અપાયો નથી. સુવર્ણ યુગના શીરે કળશ તો હવે બેસે છે. અલ્પકાળમાં જ ગણધરમુખ્ય ગૌતમ ઝડપથી પાછા આવી રહ્યા છે.

આનંદ વંદના કરી કંઇ કહે તે પૂર્વે તેઓ બોલ્યા—

શ્રાવકવર આનંદ ! મારી માન્યતા ભૂલભરેલી હતી, તમે જ્ઞાનથી જે કંઇ જોયું તે યથાર્થ હતું. મારા દોષ માટે હું મિથ્યા દુષ્કૃત દઉં છું અને તમારી ક્ષમા માંગું છું.

હું અહીંથી શંકા ધરતો પ્રભુ પાસે ગયો. ગોચરીની આલોચના કર્યા પછી અવધિજ્ઞાન સંબંધી મને પડેલી શંકા પૂછી. બનેલી વાત કહી બતાવી અને પ્રાયશ્ચિત્ત કોણે કરવું જોઇએ એમ પૂછ્યું. ભગવંતે જણાવ્યું–ગૌતમ ! ભૂલ તારી જ છે. આનંદની વાત બરાબર છે, માટે તારે જ પ્રાયશ્ચિત લેવું જોઇએ અને આનંદ શ્રાવક પાસે જઇ તેની ક્ષમા માંગવી જોઇએ.

ભાઇ, ભગવંત વીરની વાણી એટલે મારા માટે સો ટચનું સુવર્ણ. ગોચરી વાપરીને તરત જ હું ભૂલ કબૂલવા દોડી આવ્યો છું.

પ્રથમ પટ્ટધર, એમાં જઇફ વય અને અગાધ પાંડિત્ય–આમ છતાં અંતરની નિખાલસતા એ જ સુવર્ણ યુગ–એની સ્મૃતિ એ જ સાચી જયન્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રથમ પરિવ્રાજક.

લેખકઃ—**મુનિ શ્રી ધુરન્ધરવિજય.**

( ૧ )

**માથે** મુંડન કરાવવાથી ચકચકાટ ચાગડી ચળકતી હતી. સાપના બચ્ચા જેવી લાંબી, પાતળી ને ભૂખરી શિખા મસ્તકના મધ્યભાગમાં શોભતી હતી. વિશાળ લલાટમાં લગાવેલી ભસ્મ ભસ્મીભૂત થયેલી અભ્યન્તર ભૂતિનો ભાસ કરાવતી હતી. પડછંદ કાયા ઉપર એક ભગવું કપડું ઓઢયું હતું. વસ્ત્ર બારીક હતું તેથી વક્ષસ્થળ ઉપર રહેલી કનકસૂત્રની ઉપવીત-જનોઇ સ્પષ્ટ જણાતી હતી. કષાયરંગે રંગેલું પાદતલ પર્યંતનું કટિવસ્ત્ર કટિ ઉપર કટિસૂત્રથી સુદૃઢ બાંધ્યું હતું. એક બાજુ જલભૃત તુંબપાત્ર હતું ને બીજી બાજુ ત્રિદંડ હતો. બાજુમાં કાષ્ઠનિર્મિત બે ચાખડી પડી હતી. મૃગચર્મ ઉપર ભવ્ય મુખારવિન્દવાળા એક મહાત્મા વિરાજ્યા હતા. તાપના સંતાપથી બચવા એક સુન્દર છત્ર મસ્તક ઉપર આચ્છાદન કર્યું હતું.

એ સન્ત પુરુષનું શુભ નામ '**મરીચિ**' હતું. તેમનો જન્મ વિનીતા-અયોધ્યા નગરીમાં પ્રથમ ચક્રવર્તી મહારાજા ભરતને ત્યાં થયો હતો. ચક્રવર્તી ભરતના તાત ભગવાન્ ઋષભદેવને કૈવલ્ય થયું, તીર્થની સ્થાપના થઇ. પ્રથમ તીર્થંકરે પ્રથમ પ્રવચન કર્યું ત્યારે ભરતરાજા વગેરેની સાથે મરીચિ પણ ત્યાં હાજર હતા.

શ્રી આદિનાથની દેશનામાં દિવ્ય પ્રભાવ હતો. એ પૂજ્ય પરમાત્માના શબ્દે શબ્દે સંસારની હેયતા સમજાતી હતી. રાગદ્વેષના યુગલને હણવા કટિબદ્ધ થવા દુન્દુભિ વાગતી હતી. આન્તરિક સમરભૂમિમાં ઉતરવા હજારો આત્માઓ સમુત્સુક થયા હતા. શ્રી આદિજિનના શાસનમાં સંખ્યાબંધ આત્માઓ જોડાયાં તેમાં મરીચિ પણ એક હતા.

ચિરકાળ સુધી મરીચિએ મહાવ્રતનો ભાર વહન કર્યો પણ આખરે કાયર થયા. તેમને લાગ્યું કે આ ભાર સાથે આ બાડું આક્રંદન નહિ બંધી શકાય. ભારને સમૂળગો ફેંકીને પુનઃ ગૃહસ્થાશ્રમમાં જવું એ તો કુળને કલંકિત કરવા સમાન છે. એ પ્રમાણે વિચાર કરી ભારને હળવો કરવા તેમણે પ્રથમ જણાવ્યા પ્રમાણેનું પરિવ્રાજકપણું કલ્પ્યું અને પ્રભુની સાથે વિચરવા લાગ્યા.

( ૨ )

જનતા કુતૂહલપ્રિય સ્વાભાવિક હોય છે. કોઇ નવીન બનાવ બને એટલે તે તરફ વગર આમન્ત્રણે અનેક લોકો ખેંચાય છે. મરીચિના નવીન પન્થને સમજવા રાતદિવસ તેમની પાસે પણ માણસોનો ઠઠારો જામ્યો રહેતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકો પૂછતા, છતાં મરીચિ વિનાસંકોચે પોતાની નિર્બળતાને છૂપાવ્યા સિવાય નીચે પ્રમાણે ઉત્તર આપતા. "ભદ્રો ! ધર્મ જોઇતો હોય, ધર્મ કરવો હોય, આત્માને ઉન્નત બનાવવો હોય, તો પ્રભુ શ્રી ઋષભદેવભગવંત કહે છે તે પ્રમાણે કરો. એ જ સત્ય છે, એ જ તથ્ય ને હિતકર છે.

ખરા આત્માર્થી મુનિવરો ભગવાનના અનુયાયીઓ છે.

આ માર્ગ અશક્તનો છે. આમાં કલ્યાણ નથી. જુઓ આ **કાષાયિત વસ્ત્ર**—શું સૂચવે છે ? ખબર પડી ? આ માર્ગનો અનુયાયી હું કષાયવશ છું. કષાય રહિત તો ઉજ્જવળ સ્ફટિક જેવા સફેદ વસ્ત્રને પહેરે.

મન, વચન અને કાયાને દંડનાર ત્રણ દંડો હજુ દૂર નથી થયાં. એ સમજાવનાર આ **ત્રિદંડ** છે. સાધુઓ શીલ સુગન્ધે સુગન્ધિત છે. હું નિર્ગન્ધ છું માટે આ બાહ્ય વિલેપન કરું છું. બાહ્ય એ બાહ્ય ને આન્તરિક એ આન્તરિક. સંસારના તાપથી સંતપ્ત મારે છત્ર રાખવું પડે છે. ગાત્રના પ્રસ્વેદથી પીડાએલો હું લઘુસ્નાનથી અંગ પખાળું છું.

મારે માટે ઊઘાડે પગે ચાલવું શક્ય નથી. મારો આ વેષ માર્ગ નથી. આ તો કલ્પના છે. જીવન અજવાળવું હોય, મોક્ષની અભિલાષા હોય તો મુનિવરો પાસે જાવ, મુનિધર્મ સેવો ને મોક્ષ મેળવો."

એ પ્રમાણે સમજાવી મરીચિ અનેક ભદ્રાત્માઓને પ્રભુ પાસે મોકલતા ને સંયમ અપાવતા.

( ૩ )

વર્ષો પછીની વાત છે. વિનીતાના પરિસરમાં શ્રી આદીશ્વર પ્રભુ સમવસર્યા હતા—પધાર્યા હતા. ચક્રવર્તી ભરત પણ સપરિવાર દેશના સાંભળવા આવ્યા હતા. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચારે પ્રકારે ધર્મસ્થાપક અરિહંત ભગવંત ઉપાસ્ય છે. અરિહંત ભગવંતનું નામ એ નામજિન, પ્રતિમા એ સ્થાપનાજિન, ભાવિમાં થનારા અને ભૂતકાળમાં થઇ ગયેલા જિનવરો એ દ્રવ્યજિન અને વિચરતા તીર્થંકરો એ ભાવજિન. ઇત્યાદિ દેશના ચાલતી હતી.

દેશનાને અંતે રાજન ભરતે ભગવંતને પૂછ્યું—"પ્રભો ! આ સમવસરણમાં કોઇ એવો આત્મા છે કે જે ભવિષ્યમાં તીર્થંકર થશે ?"

"ભરત ! તમારા પુત્ર જ—જે અમારી સાથે પરિવ્રાજકપણે વિચરે છે તે જ—વર્તમાન ચોવીશીમાં છેલ્લા તીર્થંકર થશે." ભગવંતે કહ્યું. સાથે એ પણ જણાવ્યું કે—

એ મરીચિ—આ ભરતક્ષેત્રમાં પ્રથમ વાસુદેવ થશે. વિદેહક્ષેત્રમાં—મૂકા રાજધાનીમાં ચક્રવર્તી પણ થશે.

ત્રિપૃષ્ઠ વાસુદેવ, પ્રિયમિત્ર ચક્રવર્તી અને મહાવીર તીર્થંકર એમ ક્રમસર ચડતા ત્રણે લાભો તમારા પુત્રને પ્રાપ્ત થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલ્લાસે મરીચિ પાસે આવ્યા. ત્રણ પ્રદક્ષિણા દીધી. વિધિપૂર્વક વિસ્તારથી વંદન કર્યું. અને કહ્યું—

" મરીચે ! મેં જયારથી સાંભળ્યું હતું કે તમે અસિધાર મહાવ્રતનું પાલન કરી શકયા નથી અને આ નવીન કલ્પના કરી ' ઇદંતૃતીયં ' આચરણ કરો છો ત્યારે મને ખેદ થયો હતો પણ આજ જ્યારે તમારા ભાવિ વિષે ભગવંત પાસે મેં સાંભળ્યું ત્યારે મને ખૂબ જ હર્ષ થયો છે. આજે જે હું તમારા દર્શન-વંદન નિમિત્તે તમારી પાસે આવ્યો છું તે આ પરિવ્રાજકપણાને પૂજવા કે જોવા નહિં પણ તમે આ ચોવીશીમાં છેલ્લા-ચરમ અન્તિમ શ્રી મહાવીર નામે તીર્થંકર થવાના છો, તે તીર્થંકરપણાને અભિવન્દવા અને અભિનંદવા.

ધન્ય છે તમારા આત્માને ! વિશ્વના વિશિષ્ટ ગણાતા લાભો તમે મેળવશો. ભગવંતે કહ્યું છે કે-તમે આ ભરતમાં પ્રથમ અર્ધ ચક્રી-વાસુદેવ થશો. વળી ચક્રવર્તી પણ થશો. તમે બડભાગી છો. તમે ઉદિતોદય છો. તમે ભાવિ ભગવંત છો. તમારો એ ભાવ વંદનીય છે, પૂજનીય છે, સ્તવનીય છે. હું તે ભાવને તમારામાં કલ્પી તમને નમું છું, વન્દું છું ને સ્તવું છું. "

મૌનપણે શ્રવણ કરતા મરીચિ ભરતરાજાના વચનોથી લજ્જિત બની નિમ્ન નેત્ર-વદન કરી ચિત્રિત જેવા થઇ ગયા. ભરતચક્રવર્તી પાછા ફર્યા ને સ્વસ્થાને પધાર્યા.

× × ×

પોતાનું કલ્પિત છતાં ઉન્નત ભાવી સાંભળી સંસારી આત્મા એકદમ આવેશી બની જાય છે, તો તથ્ય ને સર્વથા સત્ય જગતની ઉત્તમોત્તમ વસ્તુની પ્રાપ્તિના પ્રસંગ સાંભળી આવેશી બને તેમાં નવાઇ શું ?

રાજા ભરતના પ્રશંસાવાક્ય સાંભળી મરીચિનો આનંદ શરીરમાં સમાતો નથી. આ શું સાચું કે સ્વપ્ન એમ વિચારતા મરીચિને શું કરવું એ સૂઝતું નથી.

હાથમાં ત્રિદંડ લઇ આવેશપૂર્વક તે ઊભા થઇને નાચવા લાગ્યા.

હું ભાગ્યશાળી, મારું કુળ ભાગ્યશાળી.
હું ઉત્તમ, મારું કુળ ઉત્તમ.
હું ઊંચો, મારું કુળ ઊંચું.

અમે સૌમાં સર્વ રીતે પહેલાં, અમારા પિતામહ—દાદા પહેલા તીર્થંકર, અમારા પિતા પહેલા ચક્રવર્તી, અમે પહેલા વાસુદેવ, આ અવસર્પિણીના પ્રથમ થવાના બધા લાભો અમને જ મળ્યા.

મને ત્રણ લાભો. વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર એમ ત્રણે પદવી મારા ભાગ્યમાં. ધન્ય છે મને, ધન્ય છે મારા કુળને ! એમ ને એમ હર્ષાવેશમાં નાચતા મરીચિ દેશકાલનું ભાન ભૂલી ગયા.

કુળ અને આત્મગર્વે ગર્વિષ્ઠ મરીચિ નીચ કુળને યોગ્ય કર્મ બંધાય છે ને તેની પરંપરા કેવી ચાલશે એ કાંઇ જાણતા જ નહોતા.

આ કાળના આ ભરતના એ પહેલા પરિવ્રાજક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા.

લેખકઃ—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા. M. B. B. S

( ગતાંક પૃષ્ઠ ૮૮ થી ચાલુ )

હવે—પ્રભુસેવાની પ્રથમ ભૂમિકારૂપ જે અભય, અદ્વેષ, અખેદ [illegible] સ્વરૂપ શું ? કે જે જાણીને અમે અભય, અદ્વેષ અને અખેદને [illegible] જિજ્ઞાસા પ્રશ્નનું સમાધાન કરવા માટે ભય, દ્વેષ અને ખેદની વ્યાખ્યા બતાવે છે, જેના ઉપરથી તેનાથી વિરુદ્ધ એવા અભય, અદ્વેષ, અખેદનું સ્વરૂપ સ્વયં [illegible] થાય છેઃ—

ભય ચંચળતા હો પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ કરતાં થાકીએ રે, દોષ અબોધ લખાવ....સંભવદેવ.

**અર્થઃ**—પરિણામની ચંચળતા તે **ભય** છે, અરોચક ભાવ તે **દ્વેષ** છે, અને પ્રવૃત્તિ કરતાં થાકીએ તે **ખેદ** છે—આ ત્રણે દોષ અબોધરૂપ-અજ્ઞાનરૂપ છે.

**વિવેચન**—પરિણામની ચંચળતા-ધ્રૂજરાપણું, અસ્થિરપણું, કંપાયમાનપણું, સંક્ષોભપણું, તેનું નામ ' ભય ' છે. જ્યારે ક્યારે ય પણ ક્યાં ય પણ કંઇ પણ ભય અથવા ભયનું કારણ ઉપસ્થિત થાય છે ત્યારે અવશ્ય ચિત્તનું-ચિત્તપરિણામનું ચંચલપણું-કંપાયમાનપણું થાય છે. આ સર્વ કોઈનો સામાન્ય અનુભવ છે. એટલે જે કોઇ કારણથી ચિત્તનું ચંચલપણું ઉપજે છે, તે સર્વ 'ભય'ની ગણનામાં આવે છે. આમ ' ભય ' શબ્દનો અતિ વિશાલ અર્થમાં અત્ર પ્રયોગ છે. એટલે અત્રે સહજ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે ચિત્તચંચલતાના-ભયના મુખ્ય કારણ શું છે ?

આગલી કડીના વિવેચનમાં નિર્દેશવામાં આવ્યા હતા તે દશ સંજ્ઞાના પ્રકાર ભયના-ચિત્તચંચલતાના મુખ્ય કારણ છે, કારણ કે ક્રોધાદિ સંજ્ઞારૂપ કારણથી આત્મ-પરિણામનું સ્પંદન-સંક્ષોભ ઉપજે છે. અને તે જ ચિત્ત-ચાંચલ્યરૂપ ' ભય ' છે, એટલે તે કારણોનો અભાવ તે અભય છે, એમ જાણી તે તે ભય કારણો ભક્તજને સૌથી પ્રથમ પ્રયત્નથી વર્જવા જોઈએ. જેમકે—

**આહારસંજ્ઞા**—પ્રભુભક્તિમાં એવી તલ્લીનતા-તન્મયતા થઈ જાય કે આહાર વગેરે પણ ભૂલાઈ જાય, ખાવાપીવાનું ભાન ન રહે. એવી પ્રભુભક્તિની ધૂન આ ભક્ત જોગીજનને લાગે.

' પિયુ પિયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમ મેહ.' -શ્રી યશોવિજયજી.

**ભયસંજ્ઞા**—ભક્તિમાં તો ભયને જ ભય × લાગી તે ભાગી જાય ! દૂરથી

× ' भीताभयप्रदमनिन्दितमङ्घ्रिपद्मम् '—શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર.
' तस्याशु नाशमुपयाति भयं भियेव '—શ્રી ભક્તામર સ્તોત્ર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ પલાયન કરી જાય ! તો પછી પરમ સમર્થ એવા પરમાત્મા જેવાનું જેણે પરમ નિર્ભય ચરણુ-શરણુ ગ્રહ્યું છે, એવા ભક્તરાજને ભય શો ?

" ધીંગ ધણી માથે કિયો રે, કુણુ ગંજે નર ખેટ....વિમલજિન. "

શ્રી આનંદઘનજી.

' જસુ ભગતે નિરભય પદ લહીએ, તેહની સેવામાં થિર રહીએ. '

—શ્રી દેવચંદ્રજી.

**મૈથુનસંજ્ઞા**—તુચ્છ કામવિકારનો તો ભક્તિવેળાએ ઉદ્‌ભવ ઘટે જ નહિં; કારણુ કે નિષ્કામ એવા પરમાત્માનું નામસ્મરણુ પણ કામનો નાશ કરનારું છે.

' પરમાતમ પદ કામના, કામનાશન એહ. '

' જોતાં પણ જગીજંતુને, ન વધે વિષયવિરામ. ' —શ્રી દેવચંદ્રજી.

' જિહાં કામ ત્યાં રામ ના, રામ તિહાં નહિં કામ. '

**પરિગ્રહસંજ્ઞા**—પરિગ્રહની મૂર્છા, પરવસ્તુને પોતાની માનવારૂપ મમત્વબુદ્ધિ અત્રે દૂર થઇ જાય, કારણુ કે પરવસ્તુ પ્રત્યેની-પુદ્‌ગલાદિ પ્રત્યેની પ્રીતિ છોડ્યા વિના પ્રભુ સાથે પ્રીતિ જોડાય નહિં. અને સાચો ભક્તજન તો પ્રભુને નિરંતર પ્રાર્થે કે-હે પરમકૃપાળુ દેવ ! આપ મને આ પરપરિણતિ રંગમાંથી ઉગારો ! આ પરવસ્તુની જાલમાંથી છોડાવો ! આવા પુરુષને ભક્તિકાર્યમાં પરિગ્રહ સાંભરે પણ શેનો ?

' એ પરપરિણતિ રંગથી રે, મુજને નાથ ઉગાર રે દયાલરાય ! '

' પ્રીતિ અનંતી પરથકી, જે તોડે તે જોડે એહ. ' —શ્રી દેવચંદ્રજી.

**ક્રોધસંજ્ઞા**—ક્રોધનો ઉદય અહીં હોય નહિં, કારણુ કે ક્રોધ અને પરમ શાંત સુધારસમાં નિમજ્જનરૂપ ભક્તિને બને નહિં. પ્રશમરસનિમગ્ન પરમાત્માના દર્શનથી જ ક્રોધ શમી જાય, ને શાંત અમૃતરસમાં ઝીલે.

' અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય....વિમલજિન. ' —શ્રી આનંદઘનજી

' ઉપશમરસ ભરી, સર્વ જનશંકરી, મૂર્ત્તિ જિનરાજની આજ ભેટી. ' શ્રીદેવચંદ્રજી.

**માનસંજ્ઞા**—લૌકિક માન-મોટાઇની કે કીર્ત્તિ-પૂજા વગેરેની સ્પૃહા અહીં સંશુદ્ધ ભક્તિમાં ઘટે નહિં. જો લોકમાં મનાવા-પૂજાવાની કામનાએ તે કરવામાં આવે, અથવા હું કેવી ભક્તિ કરું છું, એવું અભિમાન ધરવામાં આવે, તો તે ચિંતામણિ રત્નને *કાણી કોડી જેવું કરી મૂકે છે; કારણ કે અમૂલ્ય એવા ઉત્તમ

* साम्यं विना यस्य तपःक्रियादेर्निष्ठा प्रतिष्ठा जनमात्र एव।
स्वर्धेनुचिंतामणिकामकुंभान् करोत्यसौ काणकपर्दीमूल्यान् ॥
—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિકર્તવ્યને ગૌણ કરી તે પામર, તુચ્છ, નિર્માલ્ય માનની પાછળ દોડે છે; એટલે કે પરમ મહત એવા ભક્તિ આદિ ધર્મકાર્યનું ખુલ્લું અપમાન કરી, આશાતના કરે છે, પણ સાચો ભક્તજન તો કેવલ એક આત્માર્થે જ—આત્મકલ્યાણને માટે જ પ્રભુભક્તિ કરે છે.

'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.'

શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ

'भवाभिनन्दिनो लोकपंक्त्या धर्मक्रियामपि।
महतो हीनदृष्ट्योच्चैर्दुरन्तां तद्विदो विदुः॥' શ્રી યોગબિન્દુ, ૮૯

**માયાસંજ્ઞા**—શુદ્ધ ભક્તિમાં માયા-કપટ ન હોય, બગલા ભગત જેવી કુટિલતા-માયાચાર ન હોય, દંભ ન હોય, પોતાના દોષના આચ્છાદનરૂપે-ઢાંકણરૂપે ધર્મનો ડોળ-ઢોંગીપણું ન હોય, દાંભિક છેતરપીંડીવાળી ઠગબાજી ન હોય, પોતાને ને પરને વંચવારૂપ આત્મવંચના ન હોય, 'હાથમાં માળા ને મનમાં લાળા' એવી વંચક વૃત્તિ ન હોય, ટીલાંટપકાં તાણી જગતને છેતરવાની ચાલબાજી ન હોય. સાચો ભક્તજન તો ચોકખા-ચિત્તે, નિખાલસ સરલ હૃદયે, શુદ્ધ અન્તઃકરણથી, નિષ્કપટપણે, પ્રભુચરણ પ્રત્યે આત્માર્પણ કરવાની ભાવના ભાવે, ને તેમ કરવા પ્રવર્ત્તે.

કપટ રહિત થઇ આતમઅરપણા રે, આનંદઘન પદ રેહ.'—શ્રી આનંદઘનજી.

"જ્યાંસુધી ચિત્તમાં બીજો ભાવ હોય ત્યાંસુધી તમારા સિવાય બીજામાં મારે કંઇ પણ ભાવ નથી એમ દેખાડીએ તો તે વૃથા જ છે અને કપટ છે; અને જ્યાંસુધી કપટ છે ત્યાંસુધી ભગવાનના ચરણમાં આત્માનું અર્પણ ક્યાંથી થાય? જેથી સર્વ જગતના ભાવ પ્રત્યે વિરામ પમાડી, વૃત્તિને શુદ્ધ ચૈતન્યવાળી કરવાથી જ તે વૃત્તિમાં અન્યભાવ રહ્યો ન હોવાથી શુદ્ધ કહેવાય અને તે નિષ્કપટ કહેવાય. એવી ચૈતન્યવૃત્તિ ભગવાનમાં લીન કરવામાં આવે તે જ આત્મઅર્પણતા કહેવાય. × × × જે પોતે બીજે સ્થળે લીન છે, તેના અર્પણ થયેલા બીજા જડ પદાર્થ ભગવાનમાં અર્પણ ક્યાંથી થઇ શકે? માટે ભગવાનમાં ચિત્તવૃત્તિની લીનતા એ જ આત્મઅર્પણતા છે." —શ્રીરાજચંદ્રજીકૃત ઋષભજિન સ્તવન વિવેચન.

**લોભસંજ્ઞા**—મને આ ભક્તિ આદિથી આ સાંસારિક લાભ છે, એવી લોભવૃત્તિ-લાલચ સંશુદ્ધ અનુષ્ઠાનમાં ઘટે નહિ, કારણ કે જો એવા તુચ્છ ક્ષણિક નમાલા ફલની ઇચ્છા રાખે, તો તે અનંતગણું મોટું ફલ હારી જાય છે, ચિંતામણિ વેચી કાંકરો ખરીદે છે! તે તો ભક્તિ નહિ પણ બાહાયત જ છે! પણ સાચો ભક્તજન તો તેની કોઇપણ લોભરૂપ લાલચ રાખે જ નહિ, તે તો અનાસક્તપણે કોઇપણ ફળની આશા વિના ભક્તિ આદિ કર્ત્તવ્ય કર્યા કરે.

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' —ગીતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ભક્તિ નહિં તે તો ભાડાયત; જે સેવાફલ જાચે.' —શ્રી દેવચંદ્રજી.

**ઓઘસંજ્ઞા**—સામાન્ય, પ્રાકૃત જનપ્રવાહને અનુસરવારૂપ ગાડરીઆ પ્રવાહ જેવી વૃત્તિ અત્ર ન હોય, ગતાનુગતિકપણું ન હોય, આંધળાની પાછળ આંધળો દોડ્યો જાય એવું અંધશ્રદ્ધાળુપણું ન હોય, પરંતુ સાચી તત્ત્વ સમજણપૂર્વકની ભક્તિ હોય.

'નિર્મળ તત્ત્વરુચિ થઇ રે, કરજો જિનપતિ ભક્તિ." શ્રી દેવચંદ્રજી

**લોકસંજ્ઞા**—લોકને રીઝવવા માટે, લોકના રંજન-આરાધન અર્થે ક્રિયા કરવી તે લોકસંજ્ઞા છે. તેવી લોકસંજ્ઞા-લોકૈષણા આ શુદ્ધ ભક્તિ આદિમાં ઘટે નહિં, કારણ કે લોકૈષણારૂપ ***લોકપંક્તિ** અને લોકોત્તર એવું આત્મકલ્યાણ એ બેને કદી મળતી પાણ આવે નહિં. જો આત્માર્થ જોઇતો હોય તો માનાર્થ છોડવો જોઇએ, ને માનાર્થ જોઇતો હોય તો આત્માર્થ છોડવો જોઇએ. એક મ્યાનમાં જેમ બે તલવાર સમાય નહિં, 'ભસવું ને લોટ ફાકવો' એ બન્ને ક્રિયા જેમ સાથે બને નહિં, તેમ આત્માર્થ ને માનાર્થનો કદી મેળ ખાય નહિં. અને પરમાર્થ વિચારીએ તો આત્માર્થ પાસે લોકૈષણાનું મૂલ્ય બે બદામનું પણ નથી. તેમજ લોક પણ દુરારાધ્ય છે—રીઝવવો મુશ્કેલ છે, જે એક વાર પ્રશંસાના ફૂલ વેરે છે તે જ નિન્દાના ચાબખા મારે છે! માટે પ્રભુને રીઝવવા હોય, શુદ્ધ ભક્તિ કરવી હોય, તો લોકને રીઝવવાનો પ્રયાસ છોડી દેવો જોઇએ, લોકોત્તર દેવને લૌકિક ભાવથી ભજવાનો ત્યાગ કરવો જોઇએ. આમ સમજીને ભક્ત યોગી પુરુષ લોકસંજ્ઞાનો સ્પર્શ પણ કરતો નથી.

'જન મન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ.' શ્રી ચિદાનંદજી

'મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી,
લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઇરી,
તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઇરી.' શ્રી યશોવિજયજી

'આદર્યો આચરણ લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઇ કીધો:
શુદ્ધ શ્રદ્ધા ન વળી આત્મ અવલંબ વિણુ, તેહવો કાર્ય તિણે કો ન સીધો.'
શ્રી દેવચંદ્રજી

"લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી."

"જગતને રૂડું દેખાડવા અનંત વાર પ્રયત્ન કર્યો; તેથી રૂડું થયું નથી, કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે; એમ હું લઘુત્વભાવે સમજ્યો છું." શ્રીમદ્ રાજચંદ્રજી.

( ચાલુ )

* "लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना।
क्रियते सत्क्रिया सात्र लोकपंक्तिरुदाहृता॥"
શ્રી હરિભદ્રાચાર્યજીકૃત યોગબિંદુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


માત્ર જૈન શાળાઓ અને છાત્રાલયો માટે

—ઃ ભાવમાં ભારે ઘટાડો ઃ—

## રૂા. ૨૫ ના પુસ્તકો ફક્ત ૧૨ાા રૂા.માં

અમારૂં સુપ્રસિદ્ધ અર્થવાળું

## દેવસીરાઇ પ્રતિક્રમણ

જેમાં શબ્દાર્થ, અન્વયાર્થ, ભાવાર્થ તેમજ ઉપયોગી ફુટનોટો આપવામાં આવી છેઃ તે ઉપરાંત એજયુકેશન બોર્ડ તથા રાજનગરની ધાર્મિક પરીક્ષાનો કોર્સ પણ આપવામાં આવ્યો છે.

એક સદ્‌ગૃહસ્થ તરફથી માત્ર

૫૦૦ નકલોની ઓફર છે.

એક સાથે માત્ર દશ નકલો મળી શકશે.

લખોઃ—પોપટલાલ સાકરચંદ શાહ

ધીકાંટા, ફીકાભટની પોળ, અમદાવાદ.


## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ—મૌક્તિક.

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુહ્‌લરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ્યું છે? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતા મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો. લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી બંધુ લલ્લુભાઇ જીવણભાઇ માત્ર ૩૬ વર્ષની યુવાનવયે ફાગણ વદ ૩ને શનિવારના રોજ માત્ર બે દિવસની બીમારીમાં સ્વર્ગવાસી થયા છે. લલ્લુભાઇ અત્રેના આગેવાન વ્યાપારી જીવણભાઇ ગોરધનના સુપુત્ર હતા. આપણી સભાના લાઇફ મેમ્બર હતા અને સભાના દરેક કાર્યોમાં ઉત્સાહભેર ભાગ લેતા હતા. તેઓ સ્વભાવે મીલનસાર અને કુશળ બુદ્ધિના હતા. જીવન-સ્ટોર નામની પેઢીનું સુંદર રીતે સંચાલન કરતા હતા. અમો સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છી તેમના પિતાશ્રી તેમજ અન્ય આપ્તવર્ગ પર આવી પડેલ આ દુઃખદાયક પ્રસંગે હમદર્દી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

# અમારે ત્યાંથી મળી શકતા પુસ્તકોની સૂચિ

| | | | |
|---|---|---|---|
| પંચસંગ્રહ ભા. ૧ | ૪-૮-૦ | જૈન કથારત્નકોષ ભા. ૪ | ૪-૮-૦ |
| " ભા. ૨ | ૫-૦-૦ | " " ભા. ૬ | ૪-૮-૦ |
| પ્રકરણ રત્નસંગ્રહ ભા. ૨ | ૦-૬-૦ | જૈનોના મહાન્ રત્નો | ૧-૪-૦ |
| " " ભા. ૩ | ૦-૬-૦ | શ્રી જિનવિજય ચોવીશી-વીશીસાર્થ | ૦-૧૨-૦ |
| પવિત્રતાને પંથે | ૦-૬-૦ | જંબુસ્વામી ચરિત્ર | ૦-૧૨-૦ |
| પંચસંયત પ્રકરણ | ૦-૪-૦ | જૈન ઐતિહાસિક રાસમાળા ભા. ૧ | ૦-૧૨-૦ |
| પાલગોપાળ ચરિત્ર | ૦-૪-૦ | તીર્થંકરનામાવળી | ૦-૪-૦ |
| પરિશિષ્ટ પર્વ | ૨-૦-૦ | દેવવિનોદ | ૧-૦-૦ |
| પ્રિયંકર નૃપચરિત્ર | ૦-૬-૦ | નદીશુદ્ધિદીપિકા | ૧-૮-૦ |
| પરમાત્મા જ્યોતિ | ૦-૪-૦ | ધન્નાશાળીભદ્રનો રાસ | ૧-૮-૦ |
| પાર્શ્વનાથજીનો વિવાહલો | ૦-૪-૦ | નવપદજીની પૂજા ( શ્રી પદ્મવિજયજી ) | ૦-૪-૦ |
| ભુવનભાનુ કેવળી ચરિત્ર | ૦-૮-૦ | નવતત્ત્વ પ્રકરણ ( ભગવાનદાસ ) | ૦-૧૨-૦ |
| મણીભદ્ર ચરિત્ર | ૦-૧૨-૦ | નમસ્કાર મહામંત્ર | ૦-૪-૦ |
| ...પના સંસ્મરણો. | ૧-૮-૦ | નવસ્મરણ સંદોહ | ૦-૮-૦ |
| વ્યવહાર કૌશલ્ય ભા. ૧ | ૦-૩-૦ | તત્ત્વાર્થ સૂત્ર ( સવિવેચન ) | ૨-૦-૦ |
| " " ભા. ૨ | ૦-૩-૦ | વર્ષપ્રબોધ | ૬-૮-૦ |
| વૃદ્ધિચંદ્રજી જીવનચરિત્ર | ૦-૪-૦ | સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |
| ...શ્વરચના પ્રબંધ | ૧-૮-૦ | સ્નાત્ર કળશાદિ | ૧-૮-૦ |
| ...પારદર્શન | ૨-૮-૦ | સ્તવનાવલિ સંગ્રહ | ૦-૪-૦ |
| ...દિનકૃત્ય | ૦-૧૨-૦ | સિંદૂર પ્રકરણ | ૦-૪-૦ |
| ...ાંત મુક્તાવળી | ૧-૦-૦ | સંવેગમાળા | ૦-૪-૦ |
| ...ધ ને સરલ પ્રશ્નોત્તર ભા. ૨ | ૦-૫-૦ | શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| " " ભા. ૩ | ૦-૫-૦ | અર્હન્નામસમુચ્ચય | ૦-૩-૦ |
| " " ભા. ૪ | ૦-૫-૦ | શ્રી ગૌતમસ્વામીનો રાસ | ૦-૨-૦ |
| આદિનાથ ચરિત્ર | ૬-૮-૦ | છૂટા વેરાયેલાં મોતી ભા. ૪ | ૦-૮-૦ |
| ...ારપ્રદીપ | ૧-૪-૦ | શ્રી જિનસહસ્રનામ | ૦-૩-૦ |
| ...ગમસારોદ્ધાર | ૦-૧૨-૦ | શ્રી જંબુદ્વીપ સમાસ | ૦-૩-૦ |
| ...મિતિ પીઠબંધ ભાષાંતર | ૦-૧૨-૦ | શબ્દભેદપ્રકાશ | ૦-૨-૦ |
| ગિરનારની મહાયાત્રા | ૧-૮-૦ | સાધુમર્યાદાપટ્ટક | ૦-૨-૦ |
| ...સ્થાનકમારોહ | ૦-૧૨-૦ | સત્તરભેદી તથા વીશસ્થાનક પૂજા | ૦-૨-૦ |

લખો :—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.

શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.